સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જાન્યુઆરી, ૨૦૧૯ • બે વર્ષ લવાજમ રૂા. ૧૬૦/-



## ગઢડામાં વચનામૃતનું દિવ્ય સંદેશનું રસપાન કરાવતા ભગવાન શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અધ્યાત્મ મહાગ્રંથરાજ **શ્રીવચનામૃત**ને ડીસેમ્બર - ૨૦૧૯માં **૨૦૦ વર્ષ** પૂર્ણ થતાં હોય ત્યારે વચનામૃતની **પ્રાગટ્યભૂમિ ગઢડાધામ**માં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી આંતરરાષ્ટ્રીય **'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ' તા. ૨૭-૧૨-૨૦૧૯ પોષ સુદ - ૧** થી **તા. ૪-૧-૨૦૨૦ પોષ સુદ - ૯** સુધી દિવ્યતાસભર ભવ્યતાપૂર્વક ઉજવાશે.


























**વેસુ-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અ.નિ. પોપટભાઈ ઠાકરશીભાઈ કેવડીયાની પુણ્યસ્મૃતિમાં તેમના સુપુત્રો પ.ભ. શ્રી પીયુષભાઈ તથા દિલિપભાઈ (યુનિક જેમ્સ) પરિવારના યજમાનપદે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ' (તા. ૨૩ થી ૨૯-૧૨-૨૦૧૮)**

૧-૨. યજમાનશ્રીના નિવાસસ્થાનેથી પોથીયાત્રા. ૩. દીપ પ્રાગટ્ય કરતા પૂ. સ્વામી તથા શ્રી ગોવિંદભાઈ ધોળકીયા આદિક મહાનુભાવો. ૪. વક્તા પૂ. સ્વામીનું પૂજન કરતા યજમાનશ્રી પીયુષભાઈ પોપટભાઈ કેવડીયા. ૫. શ્રી દિલિપભાઈ પોપટભાઈ કેવડીયા. ૬. શ્રી દર્શનભાઈ રમેશભાઈ સલીયા. ૭ થી ૧૨. કથા અંતર્ગત શ્રીરામ તથા શ્રીકૃષ્ણ જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણીમાં પૂ. સંતો તથા પૂ. શ્રી જીગ્નેશદાદા તથા પૂ. શ્રી યજ્ઞેશભાઈ ઓઝા તથા યજમાન પરિવાર.








## શ્રીમદ્ ભાગવત કથા મહોત્સવ
## વેસુ – સુરત

















**વેસુ-સુરતને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી અ.નિ. પોપટભાઈ ઠાકરશીભાઈ કેવડીયાની પુણ્યસ્મૃતિમાં તેમના નવયુવાન સુપુત્રો પ.ભ. શ્રી પીયુષભાઈ તથા દિલિપભાઈ (યુનિક જેમ્સ) પરિવારના યજમાનપદે પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ' (તા. ૨૩ થી ૨૯-૧૨-૨૦૧૮)**

૧. સભામંચમાં પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી. ૨. શ્રીહરિકૃષ્ણ મહારાજનું સ્વરૂપ અર્પણ કરીને યજમાન પરિવારનું સન્માન કરતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સ્વામી. ૩. પૂ. સ્વામીને ભેટી રાજીપો દર્શાવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૪-૫. કથાનો લાભ લેતા ભક્ત સમુદાય. ૬. યજમાન પરિવાર સમુહ તસ્વીર. ૭. પૂ. શ્રી શરદભાઈ વ્યાસ. ૮. પૂ. શ્રી જીગ્નેશદાદા તથા પૂ. શ્રી યજ્ઞેશભાઈ ઓઝા. ૯. શ્રી ગોવિંદભાઈ ધોળકીયા. ૧૦. શ્રી સવજીભાઈ ધોળકીયા. ૧૧. શ્રી જીતુભાઈ વાઘાણી (પ્રદેશ પ્રમુખશ્રી-ભાજપા)

## સત્સંગ વિચરણયાત્રા
## જર્મની – દુબઈ





































**ભગવાન શ્રી સ્વામિનારાયણની પૂર્ણકૃપાથી પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે પૂ. યોગેશ્વરદાસજી સ્વામી તથા પૂ. પતિતપાવનદાસજી સ્વામી વગેરે સંતો-પાર્ષદોની જર્મની-દુબઈ દેશમાં યોજાયેલ સત્સંગ વિચરણ યાત્રા (તા. ૨૧-૧૨ થી ૬-૧-૧૯)**

૧. યુરોપમાં જર્મની દેશના મ્યુનિક શહેર ખાતે સૌપ્રથમવાર યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા. ૨-૫. એસેન શહેરમાં શાકોત્સવ તથા સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સંતો. ૬. બર્લીન શહેરમાં શ્રી ગણેશ મંદિરમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા. ૭-૮-૯. પોલેન્ડ દેશની રાજધાની વર્સો શહેરમાં સૌપ્રથમવાર યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા. ૧૦. અબુધાબીમાં સત્સંગ સભા. ૧૧-૧૨. દુબઈમાં સત્સંગ સભા.




॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

વર્ષ :- ૬ । અંક :- ૧૨ । તારીખ :- ૨૦ જાન્યુઆરી, ૨૦૧૯


આંતરરાષ્ટ્રીય
## ૨૦૦ શ્રી વચનામૃત
દ્વિશતાબ્દી મહોત્સવ

સં. ૧૮૭૬-સં. ૨૦૭૬ ગઢપુર-૨૦૧૯

તા. ૨૭-૧૨-૨૦૧૯ થી ૪-૧-૨૦૨૦

અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજ

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજ


**પ્રસિદ્ધ કર્તા**
**શ્રી સ્વામિનારાયણ મંદિર**
**મું. સરધાર, તા.જી. રાજકોટ**

**પ્રકાશક – માલિક – તંત્રી**
*સાધુ પતિતપાવનદાસજી*

**સંપાદક**
*સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)*

**લેખન – સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
*ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી*

**લવાજમ દર**
*બે વર્ષ : રૂા. ૧૭૦/-*
*પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- • પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-*
*પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.*

: છબીકલા :
શિવલાલ સુદાણી – બારમણ મો. ૯૮૭૯૨ ૬૯૫૪૦
મીત બોરડ – મો. ૭૦૪૮૧ ૨૯૫૬૨

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર. દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.


## સર્વે સત્સંગીઓને પ.પૂ. લાલજી મહારાજશ્રીની ખાસ ભલામણ : વચનામૃતનો અવશ્ય પાઠ કરવો.

અમારી દરેક હરિભક્તોને ખાસ ભલામણ છે કે, આ વર્ષ **'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'** વર્ષ (ડીસેમ્બર ૨૦૧૮ થી ડીસેમ્બર ૨૦૧૯) તરીકે ઉજવવાનું છે. તેથી અમારી એવી ઇચ્છા છે કે સર્વે સત્સંગીઓ આ વર્ષ દરમ્યાન ભગવાન શ્રીહરિની પરાવાણી એવા **'વચનામૃત'** એક યા એથી વધુ પાઠ પૂર્ણ કરે. જો રોજનું રોજ વચનામૃતનો પાઠ કરવાનું નિયમ રાખશો તો જરૂર પાઠ પૂર્ણ થશે. પરંતુ વચનામૃતનો પાઠ કરવામાં મેટ્રો ટ્રેનની જેમ સ્પીડ રાખશો નહીં, ન સમજાય તો પુનઃ પાઠ કરજો. માટે દેશ-વિદેશમાં વસતા સર્વે સત્સંગીજનોએ આખા વર્ષ દરમ્યાન ભગવાન શ્રીહરિના શ્રીમુખના ૨૬૨ વચનામૃતનો **અવશ્ય પાઠ** કરવો.

આ વર્ષના અંત ભાગમાં **વચનામૃત પ્રાગટ્ય સ્થાન** ગઢડાધામમાં સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** સ્વરૂપ **શ્રી ગોપીનાથજી મહારાજ**ના સાન્નિધ્યમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **તા. ૨૭-૧૨-૨૦૧૯ પોષ સુદ-૧ થી તા. ૪-૧-૨૦૨૦ પોષ સુદ-૯ 'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'** ઉજવાશે ત્યાં સુધીમાં વચનામૃતનો પાઠ પૂર્ણ થાય તેવી તમામ હરિભક્તોને ભલામણ.

**વચનામૃત નિયમ ફોર્મ લીંક**
http://www.swaminarayanvadtalgadi.org/vachanamrutniyam/
**વચનામૃત પાઠ કરવા વિષે પ.પૂ. લાલજી મહારાજશ્રીની ભલામણ**
https://youtu.be/oXmN_7WQzxM

## અનુક્રમણિકા


૦૧ | વચનામૃત દિવ્ય સંદેશ ૦૬
૦૨ | કહાં કહું હરિ કરૂણા તેરી ૧૦
૦૩ | સત્સંગ સમાચાર પત્રિકા ૨૧



હમારા લક્ષ્ય
વિશ્વ કા કલ્યાણ હો...


લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં ઘેર બેઠા આપ માણો...

| પ.પૂ. ૧૦૮ શ્રી ધર્મકુળ મુગટમણિ શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની | પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે | પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે |
|---|---|---|
| દિવ્ય અમૃતવાણી<br>સમય : દરરોજ | સત્સંગ કથાપારાયણ<br>દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ | સત્સંગ કથામૃત<br>દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦ |



લવાજમદર અંગે
**ગ્રાહક પત્ર વ્યવહાર**

'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧
www.sardhardham.com chintankaryalay@gmail.com



# શ્રી વચનામૃત દિવ્ય સંદેશ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે વાત્સલ્યતાથી સંતો-હરિભક્તોને પીરસેલું વચનરૂપી અમૃત એટલે વચનામૃત. ભગવાન શ્રી સ્વામિનારાયણે વહેલી સવારે, નમતી બપોરે, મોડી સાંજે કે અડધી રાત્રે સમય જોયા વિના અને સ્થળ જોયા વિના કથાવાર્તા કરી છે. જેને નંદસંતોએ ઝીલી ગ્રંથસ્થ કરી આપણા સુધી પહોંચાડયું. સમુદ્રમંથનને અંતે પ્રાપ્ત થયેલું અને દેવલોકમાં રહેલું અમૃત ભૌતિક દેહને અમર બનાવે છે, જ્યારે ભગવાન શ્રીહરિ દ્વારા પ્રબોધિત આ વચનરૂપી અમૃત શાશ્વત અને દિવ્ય સુખ-શાંતિનો અનુભવ કરાવનારૂ છે.


કાળમાં કટાય નહિં અને લક્ષ્ય ચૂકાવે નહિં તેવાં આ વચનામૃતના શબ્દો એ કેવળ શબ્દો નથી પણ ઉપનિષદાદિ ગ્રંથોની શ્રુતિઓ કરતાંય ચઢિયાતા મંત્રો છે. ગોળ અંધારામાં ખાય કે અજવાળામાં, ખાનારને ગળ્યો જ લાગે. કદાચ આ વાણી ન સમજાય તો વાંચન કરતાં રહેવાથી જરૂર ગળ્યું લાગશે. મુમુક્ષુ જીવાત્માને અધ્યાત્મ અને લૌકિક માર્ગે સુખીયા બનાવી દેનારૂ થશે.

સદ્‌ગુરૂ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, વચનામૃત કરતાં બીજામાં માલ મનાય એ મોહ જાણવો. શાસ્ત્ર માત્રનો સાર કાઢીને શ્રીજીમહારાજે ગાગરમાં સાગર ભરી દીધા જેવું આ વચનામૃત છે જેનું પાન પાણીની જેમ નહિં, પરંતુ રોટલાની જેમ ચાવીને, વિચારીને - સમજીને વાંચન કરવાથી અમૃતના અને તૃપ્તિના ઓડકાર આવે છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના અધ્યાત્મ મહાગ્રંથરાજ વચનામૃતને ડીસેમ્બર-૨૦૧૯ માં ૨૦૦ વર્ષ (સં. ૧૮૭૬ થી સં. ૨૦૭૬) પૂર્ણ થતાં હોય ત્યારે દાસત્વનાં આદર્શ અને આ ગ્રંથના પાને-પાને જેમનું નામ નોંધાયું એવા દાદાખાચર અને લાડુબા-જીવુબા જેવા નિષ્કામમૂર્તિ ભક્તોની પ્રેમદોરીએ બંધાયને ભગવાન શ્રીહરિ નિત્ય પરમહંસોની સાથે જ્ઞાનગોષ્ઠી કરતા, ભક્તો સાથે પ્રશ્ન-પરિપ્રશ્નમાં જોડાતા એવા વચનામૃત પ્રાગટ્યભૂમિ ગઢડાધામમાં પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **તા. ૨૭-૧૨-૨૦૧૯ પોષ સુદ-૧** થી **તા. ૪-૧-૨૦૨૦ પોષ સુદ-૯** સુધી **'આંતરરાષ્ટ્રીય શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ'** દિવ્યતાસભર ભવ્યતાપૂર્વક ઉજવાશે.

અહીં આપણે ચિત્રના માધ્યમથી ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણી સ્વરૂપ વચનામૃતના દિવ્ય ઉપદેશોને સમજવાનો પ્રયાસ કરીશું.

## ધર્મકુળને આશ્રિત એવો જે ભક્ત તે બ્રહ્મમય દેહને પામે છે



પછી મુક્તાનંદ સ્વામીએ પ્રશ્ન પૂછ્યું જે, ''ભગવાનનો ભક્ત જ્યારે પંચભૂતના દેહને મૂકીને ભગવાનના ધામમાં જાય છે ત્યારે તે કેવા દેહને પામે છે ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''ધર્મકુળને આશ્રિત એવો જે ભગવાનનો ભક્ત છે તે ભગવાનની ઈચ્છાએ કરીને બ્રહ્મમય દેહને પામે છે. અને જ્યારે દેહને મૂકીને ભગવાનના ધામ પ્રત્યે જાય છે ત્યારે કોઈક તો ગરુડ ઉપર બેસીને જાય છે અને કોઈક તો રથ ઉપર બેસીને જાય છે અને કોઈક તો વિમાન ઉપર બેસીને જાય છે, એવી રીતે ભગવાનના ભક્ત ભગવાનના ધામમાં જાય છે, તેને યોગસમાધિવાળા છે તે પ્રત્યક્ષ દેખે છે.''

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧)**

## વિષ્ણુયાગ આદિક લીલાચરિત્રને સંભારી રાખવાં



પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ ભગવાને જે જે અવતારે કરીને જે જે સ્થાનકને વિષે જે જે લીલા કરી હોય તે સંભારી રાખવી. અને બ્રહ્મચારી, સાધુ તથા સત્સંગી તેની સાથે હેત રાખવું. અને એ સર્વેને સંભારી રાખવા. તે શા સારુ જે, કદાપિ દેહ મૂક્યા સમે ભગવાનની મૂર્તિ ભૂલી જવાય તો પણ ભગવાને જે સ્થાનકને વિષે લીલા કરી હોય, તે જો સાંભરી આવે અથવા સત્સંગી સાંભરી આવે અથવા બ્રહ્મચારી ને સાધુ સાંભરી આવે તો તેને યોગે કરીને ભગવાનની મૂર્તિ પણ સાંભરી આવે અને તે જીવ મોટી પદવીને પામે અને તેનું ઘણું રૂડું થાય, તે માટે અમે મોટા મોટા વિષ્ણુયાગ કરીએ છીએ તથા જન્માષ્ટમી અને એકાદશી આદિક વ્રતના વર્ષોવર્ષ ઉત્સવ કરીએ છીએ અને તેમાં બ્રહ્મચારી, સાધુ, સત્સંગીને ભેળા કરીએ છીએ. અને જો કોઈક પાપી જીવ હોય અને તેને પણ જો એમની અંતકાળે સ્મૃતિ થઈ આવે તો તેને ભગવાનના ધામની પ્રાપ્તિ થાય.''

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧)**

## કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો



''અમે વેંકટાદ્રિથી સેતુબંધ રામેશ્વર જતા હતા ત્યાં એક સેવકરામ નામે સાધુ હતો. તે શ્રીમદ્ભાગવતાદિક પુરાણને ભણ્યો હતો. તે માર્ગમાં ચાલતાં માંદો પડ્યો, તેની પાસે રૂપિયા હજારની સોનામહોર હતી પણ ચાકરીનો કરનારો કોઈ નહિ માટે રોવા લાગ્યો. ..અને અતિશય માંદો થયો, તે ઉપર અમને અતિશય દયા આવી. પછી તે ઠેકાણે અમે તે સાધુને કેળનાં પત્ર લાવીને હાથ એક ઊંચી પથારી કરી આપી અને તે સાધુને લોહીખંડ પેટબેસણું હતું તેને અમે ધોતા અને ચાકરી કરતા અને તે સાધુ પોતાને જેટલું જોઈએ તેટલું અમારી પાસે ખાંડ, સાકર, ઘી, અન્ન તે પોતાના રૂપિયા આપીને મંગાવતો, તે અમો લાવીને રાંધી ખવરાવતા અને અમો વસ્તીમાં જઈને જમી આવતા... પછી એમ સેવા કરતે થકે તે સાધુ બે માસે કાંઈક સાજો થયો. ...એવી રીતે તે સાધુની અમે ચાકરી કરીને સાજો કર્યો પણ તે સાધુએ અમને એક પૈસાભાર અન્ન આપ્યું નહિ, પછી અમે તેને કૃતઘ્ની જાણીને તેના સંગનો ત્યાગ કર્યો. એવી રીતે જે મનુષ્ય કર્યા કૃત્યને ન જાણે તેને કૃતઘ્ની જાણવો, અને કોઈક મનુષ્યે કાંઈક પાપ કર્યું હોય અને તેણે તે પાપનું યથાશાસ્ત્ર પ્રાયશ્ચિત કર્યું હોય અને વળી તેને તે પાપે યુક્ત જે કહે તેને પણ તે કૃતઘ્ની જેવો પાપી જાણવો.''

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૦)**

## ભગવાનનું ધામ તો સનાતન છે નિત્ય છે, અપાકૃત છે



ત્યારે વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "તે ભગવાનનું ધામ કેવું છે?" ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તે ભગવાનનું ધામ તો સનાતન છે નિત્ય છે, અપાકૃત છે, સચ્ચિદાનંદ છે, અનંત છે અને અખંડ છે. તેને દ્રષ્ટાંતે કરીને કહીએ છીએ, જેમ પર્વત વૃક્ષાદિકે સહિત અને મનુષ્ય, પશુ, પક્ષ્યાદિકની જે આકૃતિ તેણે સહિત એવી જે આ સમગ્ર પૃથ્વી, તે કાચની હોય અને આકાશને વિષે જે સમગ્ર તારા તે સર્વ સૂર્ય હોય, પછી તેને તેજે કરીને તે સમગ્ર આકૃતિએ સહિત કાચની પૃથ્વી જેવી શોભે તેવી શોભાએ યુક્ત ભગવાનનું ધામ છે, એવું જે ભગવાનનું ધામ તેને ભગવાનના ભક્ત છે તે સમાધિને વિષે દેખે છે અને દેહ મૂક્યા પછી એ તેજોમય જે ભગવાનનું ધામ તેને પામે છે."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૨)**

## જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે



"...જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે તો પણ તેનું અકલ્યાણ થાય નહિ, તેની તો ભગવાન રક્ષા કરે છે અને જે ભગવાન થકી વિમુખ છે તે તો બોલતાં ચાલતાં દેહ મૂકે છે તો પણ તેનું કલ્યાણ થાતું નથી અને મરીને યમપુરીમાં જાય છે અને કેટલાક પાપી કસાઈ હોય તે બોલતાં ચાલતાં દેહ મૂકે છે અને ભગવાનનો ભક્ત હોય અને તેનું અકાળ મૃત્યુ થયું તે માટે શું તેનું અકલ્યાણ થાશે ? અને તે પાપીનું શું કલ્યાણ થાશે ? નહિ જ થાય. ત્યારે એ શ્રુતિનો અર્થ એમ કરવો જે, 'જેવી હમણાં એને મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.' માટે તે જે ભક્ત છે તેની મતિમાં એમ રહ્યું છે જે, 'મારું કલ્યાણ તો થઈ રહ્યું છે' તો તેનું કલ્યાણ અંતકાળે થઈ જ રહ્યું છે..."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૪)**

## ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે




"પછી શ્રીજીમહારાજે એમ વાર્તા કરી જે, "જેના હૈયામાં ભગવાનની ભક્તિ હોય તેને એવી વૃત્તિ રહે જે, 'ભગવાન તથા સંત તે મને જે જે વચન કહેશે તેમજ મારે કરવું છે.' એમ તેના હૈયામાં હિમત્ય રહે અને 'આટલું વચન મારાથી મનાશે અને આટલું નહિ મનાય' એવું વચન તો ભૂલ્યે પણ ન કહે અને વળી ભગવાનની મૂર્તિને હૈયામાં ધારવી તેમાં શૂરવીરપણું રહે અને મૂર્તિ ધારતાં ધારતાં જો ન ધરાય તો પણ કાયર ન થાય અને નિત્ય નવીન શ્રધ્ધા રાખે, અને મૂર્તિ ધારતાં જ્યારે ભૂંડા ઘાટ-સંકલ્પ થાય અને તે હઠાવ્યા હઠે નહિ તો ભગવાનનો મોટો મહિમા સમજીને પોતાને પૂર્ણકામ માનીને તે સંકલ્પને ખોટા કરતો રહે અને ભગવાનના સ્વરૂપને હૈયામાં ધારતો રહે, તે ધારતાં ધારતાં દશ વર્ષ થાય અથવા વીશ વર્ષ થાય અથવા પચીશ વર્ષ થાય અથવા સો વર્ષ થાય તો પણ કાયર થઈને ભગવાનના સ્વરૂપને ધારવું તે મૂકી દે નહિ, કેમ જે શ્રીકૃષ્ણભગવાને ગીતામાં કહ્યું છે જે 'अनेकजन्म संसिद्धस्ततो याति परां गतिम् ।' તે માટે એમ ને એમ ભગવાનને ધારતો રહે એવું જેને વર્તતું હોય તેને એકાંતિક ભક્ત કહીએ."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૫)**

## આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે




"...અને, આ જીવ છે તે જેવી સોબત કરે છે તેવું એનું અંતઃકરણ થાય છે; તે જ્યારે એ જીવ વિષયી જીવની સભામાં બેઠો હોય અને તે જગ્યા પણ સુંદર સાત માળની હવેલી હોય, તે હવેલીને વિષે કાચના તકતા સુંદર જડ્યા હોય અને સુંદર બિછાનાં કર્યાં હોય, તેમાં નાના પ્રકારનાં આભૂષણ તથા વસ્ત્રને પહેરીને વિષયી જન બેઠા હોય અને દારૂના શીશા લઈને પરસ્પર પાતા હોય અને કેટલાક તો દારૂના શીશા ભરેલા પડ્યા હોય અને વેશ્યાઓ થેઈ થેઈકાર કરી રહી હોય અને નાના પ્રકારના વાજિંત્ર વાજતાં હોય, તે સભામાં જઈને જે જન બેસે તે સમે તેનું અંતઃકરણ બીજી જાતનું થઈ જાય છે. અને તૃણની ઝુંપડી હોય ને તેમાં ફાટેલ ગોદડીવાળા પરમહંસની સભા બેઠી હોય અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સહવર્તમાન ભગવદ્‌વાર્તા થાતી હોય, તે સભામાં જઈને જે જન બેસે ત્યારે તે સમે તેનું અંતઃકરણ બીજી રીતનું થાય છે, માટે સત્સંગ અને કુસંગને યોગે કરીને જેવું અંતઃકરણ થાય છે તેને જો વિચારીને જુવે તો જાણ્યામાં આવે છે અને ગબરગંડને તો કાંઈ ખબર પડતી નથી, માટે આ વાર્તા છે તે છેક મૂર્ખપણે પશુને પાડે વર્તતો હોય તેને તો ન સમજાય અને જે કાંઈક વિવેકી હોય અને કાંઈક ભગવાનનો આશ્રિત હોય તેને તો આ વાર્તા તુરત સમજ્યામાં આવે છે..."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૧૮)**

## ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે



"...મૃદંગ, સારંગી, સરોદા, તાલ ઈત્યાદિક વાજિંત્ર વજાડીને કીર્તન ગાવવાં તેને વિષે જો ભગવાનની સ્મૃતિ ન રહે તો એ ગાયું તે ન ગાયા જેવું છે અને ભગવાનને વિસારીને તો જગતમાં કેટલાક જીવ ગાય છે તથા વાજિંત્ર વજાડે છે પણ તેણે કરીને તેના મનમાં શાંતિ આવતી નથી. તે માટે ભગવાનનાં કીર્તન ગાવવાં તથા નામરટન કરવું તથા નારાયણધૂન્ય કરવી, ઈત્યાદિક જે જે કરવું તે ભગવાનની મૂર્તિને સંભારીને જ કરવું અને ભજન કરવા બેસે ત્યારે તો ભગવાનને વિષે વૃત્તિ રાખે અને જ્યારે ભજનમાંથી ઉઠીને બીજી ક્રિયાને કરે ત્યારે જો ભગવાનમાં વૃત્તિ ન રાખે તો તેની વૃત્તિ ભજનમાં બેસે ત્યારે પણ ભગવાનના સ્વરૂપમાં સ્થિર થાય નહિ; માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પિતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય..."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૨)**

## એક કૌપીનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી...તેની ભેળે ફરતા



"...અમે શ્રીપુરુષોત્તમપુરીમાં રહેતા ત્યારે કેટલાક માસ સુધી તો વાયુ ભક્ષણ કરીને રહ્યા તથા ત્રણ ચાર ગાઉના પહોળા પટવાળી એક નદી હતી તેને વિષે એકવાર શરીર તણાતું મેલ્યું તથા શિયાળો, ઉનાળો ને ચોમાસું તેને વિષે છાયા વિના એક કૌપીનભર રહેતા તથા ઝાડીને વિષે વાઘ, હાથી તથા અરણાપાડા તેની ભેળે ફરતા, એવાં એવાં અનંત વિકટ ઠેકાણાં તેને વિષે ફર્યા તો પણ કોઈ રીતે દેહ પડ્યો નહિ..."

**(વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ - ૨૯)**



# કહાં કહું હરિ કરુણા તેરી

લેખાંક : ૩

करुणामयचारुलोचनं शरणायातजनार्तिमोचनं । पतितोद्धरणाय तत्परं सहजानन्दगुरुं भजे सदा ।।



**શાસ્ત્રો અને મહાપુરુષોએ ભગવાન શ્રીહરિને કરુણાનિધાન, કરુણાભુવન, કરુણાઘન, કરુણાનિધિ, કરુણાના ધામ, કરુણામય, કરુણારસમય, કરુણાના ભંડાર, કરુણાસિંધુ, કરુણાકંદ, કરુણાદ્રગ, કરુણાયતન, કરુણાલય, કરુણાભરણં વગેરે અનેક નામોથી વર્ણવ્યા છે.**

**સાધુ અમૃતસ્વરૂપદાસજી,** ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**ગતાંકથી આગળ...**

વળી, ભગવાન પણ બાંયધરી ધરતાં કહે છે : 'यस्यानुग्रहमिच्छामि धनं तस्य हराम्यहम् । बान्धवेभ्यो वियोगेन भृशं भवति दुःखितः ।। यदि मां तेन दुःखेन संतप्तो न परित्यजेत् । तं प्रसादं करिष्यामि यः सुरैरपि दुर्लभः ।।' - જેની પર હું કૃપા કરવા ઈચ્છું છું, તેની પ્રથમ તો હું સંપત્તિ હરી લઉં છું. પછી તેને તેનાં સ્વજનોથી છૂટો કરી દઉં છું. આ વિયોગદુઃખથી સંતપ્ત થવા છતાં પણ જો તે મને ન છોડે તો તેની પર દેવતાઓને પણ દુર્લભ એવી કૃપા કરું છું.

'ભૂખે મારું ભોંય સુવારું, કાઢું તનની ખાલ; એમ કરતાંય મને મન મૂકે, તો કરી દઉં ન્યાલ.' આ ભગવાનની કરુણાનો એક **વિશિષ્ટ પ્રકાર** છે. ઈ.સ. ૧૮૫૧માં અયોધ્યામાં **મહાત્મા બનાદાસ** સંત થઈ ગયા. તેમણે ૬૪ જેટલા ગ્રંથોની રચના કરી છે. પોતાની આપવીતીના આધારે ભગવાનની કરુણાના સિદ્ધાંતને સમર્થન કર્યું છે. તેઓના ૧૨ વર્ષના એકના એક દીકરાનું સામાન્ય બીમારીથી અચનાક અવસાન થયું. આ ઘટનાએ બનાદાસની જીવનધારાને નવો વળાંક આપી દીધો. પુત્રના શબને લઈને તેઓ અયોધ્યા આવ્યા. અહીં તેઓએ ભરતજીને આદર્શ રાખી ચૌદ વર્ષ સુધી નામસાધના કરી ભગવાનનો સાક્ષાત્કાર કર્યો. પુત્રના દેહાંતની ઘટનાને ભગવાનની **અસીમ કરુણા** વર્ણવતાં તેઓ કહે છે :

'કૃપાપાત્ર કો રુજ મિલૈ, નિર્ધનતા અપમાન;
કુલ-કુટુંબ કો નાસ ભૈ, અતિ કરુના ભગવાન.
અતિ કરુના ભગવાન, બંસ કો છેદન કીના;
મમતા રહી ન કહું, સિથિલ તનમન સુઠિ ખીના.
બનાદાસ પીછે દિયે, દઢતા આતમ જ્ઞાન;
કૃપાપાત્ર કો રુજ મિલૈ, નિર્ધનતા અપમાન.'

ભગવાનનો જે **કૃપાપાત્ર** બને છે તેને રોગ, દરિદ્રતા અને અપમાન મળે છે. તેનાં કુળ-કુટુંબનો પણ નાશ થઈ જાય છે. હે ભગવાન! આપની કરુણા કે મારો વંશ છેદી નાંખ્યો. મને કોઈ ઠેકાણે મમતા રહેવા ન દીધી અને આત્મજ્ઞાન કરાવી દીધું.

જીવોના ઉદ્ધાર માટે પરમાત્માએ આ એક **અટપટી પદ્ધતિ** બનાવી રાખી છે. 'કષ્ટ વિના કૃપા નહીં.' જેમ માતાનાં લાલન-પાલન અને તાડન બંનેમાં સંતાન પ્રત્યે માતાની કરુણા જ રહેલી છે, તેમ અનુતૂળતા અને પ્રતિકૂળતા - બંનેમાં ભગવાનની કરુણા જ રહેલી છે. તુકારામની પત્ની તેઓને પ્રતિકૂળ હતી, તો તેઓએ ભગવાનનો આભાર એ રીતે માન્યો કે, 'આવી કર્કશા પત્નીને કારણે હું સંસારની જાળમાં ન ફસાતાં સુગમતાથી ભગવાનને પામી શક્યો.' એકનાથની પત્ની અનુકૂળ સ્વભાવની હતી, તો તેઓએ ભગવાનનો આભાર એ રીતે માન્યો કે, 'તેઓની પત્ની સાધનામાર્ગમાં સહાયક બની.'

નરસિંહ મહેતાના પત્ની માણેકબાઈ મૃત્યુ પામ્યાં તો તેમણે માન્યું કે, 'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ !' નરસિંહ મહેતા એવું ઈચ્છતા નહોતા કે તેમના પત્ની મૃત્યુ પામે. આ રીતે નરસિંહ મહેતાએ પત્નીના મૃત્યુમાં, તુકારામે પ્રતિકૂળ પત્નીની પ્રાપ્તિમાં, તો એકનાથે અનુકૂળ પત્નીના યોગમાં ભગવાનની કરુણાના દર્શન કર્યાં છે.

નારદ પંચરાત્રમાં ભગવાન સ્વયં પોતાની **કરુણાનું લક્ષણ** બતાવતાં કહે છે : 'देशत्यागो महान् व्याधिर्विरोधो बन्धुभिः सह । धनहानिरपमानं च मदनुग्रहलक्षणम् ।।' - દેશ ત્યાગ કરવો પડે, મહાન રોગ, ભાઈઓ સાથે અણબનાવ, ધન-હાનિ, અપમાન - આ મારી કરુણાનાં લક્ષણ છે.

ડૉક્ટર ઓપરેશન કરતી વખતે મનમાં દર્દી પ્રત્યે દયાભાવ રાખે તે યોગ્ય છે, પણ ઓપરેશન કરતી વખતે ક્રિયામાં તો વાઢ-કાપ કરવી જ પડે. ત્યાં દયા દાખવવા જાય તો રોગ વકરે. રોગી વ્યક્તિ કુપથ્ય આહાર માંગે તો વૈદ્ય નહીં જ આપે. તેની આ ક્રિયામાં નિર્દયતા, નિષ્ઠુરતા દેખાશે પણ તેની પાછળ રોગી પ્રત્યે અનુકંપા છુપાયેલી છે તે કોણ નથી જાણતું?

પોતાના પૌત્ર દૈત્યરાજ બલિનું સર્વસ્વ હરી લેનાર ભગવાન વામનના આ કરુણા પ્રકારને જાણનાર પ્રહ્લાદજી યજ્ઞભૂમિમાં ભગવાન વામનજીને જ કહે છે : 'त्वयैव दत्तं पदमैन्द्रमूर्जितं, हतं तदेवाद्य तथैव शोभनम् । मन्ये महानस्य कृतो ह्यनुग्रहो विभ्रंशितो यच्छ्रिय आत्ममोहनात् ।।' - 'આપે જ એને ઐશ્વર્યયુક્ત ઈન્દ્રપદ આપેલું અને આજે આપે જ તે છીનવી લીધું. આપનું આપવું જેટલું સુંદર છે, તે જ રીતે આપનું હરવું પણ એટલું જ સુંદર છે. હું એવો અનુભવ કરું છું કે આપે બલિ પર **મહાન કરુણા** કરી છે, કારણ કે આપે તેને આત્માને મોહ પમાડનારી રાજ્યસંપત્તિથી અલગ કરી દીધો.'

(શ્રીમદ્ ભાગવત : ૮/૨૨/૧૬)

### ભગવાનની કરુણાથી સંકટમુક્તિ :

સ.ગુ. શ્રી **પ્રેમાનંદ સ્વામી** ગાય છે :

'કરત હરિ હરિજનકી રખવારી,
સદય હૃદય સુખકારી...કરત૦ટેક

નિજજન કારન સદા સાંવરો, સહત કષ્ટ અતિ ભારી;
કરત સહાય સદા નિજ જનકી, રૂપ વિધવિધ ધારી...કરત૦૧
બુડતહી બ્રજ રાખી લીયો હરિ, અહિ નાથ્યો ગહી કારી;
કુંતિસુતહીત લઈ લરાઈ, રથ ચઢી કૃષ્ન મોરારી...કરત૦૨
બાંધી સેતુ સિંધુપર મહાબલ, કપિ સંગ કીની યારી;
મહા સંગ્રામ કરી હરિ સીતા, લાયે લંકપતિ મારી...કરત૦૩
ધરયો રૂપ નરસિંઘ ભક્તહીત, બલી છળ્યો હોય ભિખારી;
પ્રેમાનંદ ઘનશ્યામ તિહારી, કરુના પર બલિહારી...કરત૦૪'

દ્રૌપદી જ્યારે દ્યૂતસભામાં ખાલી બન્યા છે ત્યારે જ **દ્વારકાધીશ** પધાર્યા છે. દ્યૂતસભામાં પાંડવો દ્રૌપદી સહિત પોતાની જાતનેય હારી ગયા. દ્રૌપદીને સભામાં લાવી નિર્વસ્ત્ર કરવા દુર્યોધને દુઃશાસનને આજ્ઞા કરી. દ્રૌપદીએ સહાય માટે ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય વગેરે વડીલો સામું જોયું પણ તે નીચું જોઈ ગયા. પોતાના પાંચ પ્રતાપી પતિઓ પણ તેને બચાવવા નિઃસહાય હતા. દુઃશાસન ઉતાવળો થઈ સાડી ખેંચવા ગયો. દ્રૌપદીએ લાજ બચાવવા વલખાં મારવા માંડ્યાં. દ્રૌપદીને નિર્વસ્ત્ર કરવા માટે દુઃશાસન તૈયાર થાય છે તે વખતે **દ્રૌપદીજી** આર્તસ્વરે પોકારી ઊઠે છે :

'गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय ।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव ।।
हे नाथ हे रमानाथ व्रजनाथार्तिनाशन ।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन ।।
कृष्ण कृष्ण महायोगिन् विश्वात्मन् विश्वभावन ।
प्रपन्नां पाहि गोविन्द कुरुमध्येऽवसीदतीम् ।।'

- 'હે કૃષ્ણ ! આ કૌરવો મારું અપમાન કરી રહ્યા છે. તે શું તમે નથી જાણતા ? હું કૌરવરૂપ સમુદ્રમાં ડૂબી રહી છું. મારો ઉદ્ધાર કરો. કૌરવો વચ્ચે કષ્ટ પામતી આ શરણાગત અબળાની **રક્ષા** કરો.' (મહાભારત : ૬૮/૪૧-૪૩)

દુઃશાસને સાડીનો છેડો ખેંચ્યો કે તરત તેણીના મોઢામાંથી 'હે કૃષ્ણ, હે કૃષ્ણ' એમ સહાય માટે ચીસ નીકળી ગઈ અને એજ સમયે શ્રીકૃષ્ણ ભગવાને સાડીઓનો વરસાદ વરસાવ્યો. 'દશ હજાર ગજ બલ ઘટ્યો, પર દશ ગજ ગજ ઘટ્યો ન ચીર' જેવો ઘાટ થઈ રહ્યો. દશ હજાર હાથીના બળવાળો દુઃશાસન ૯૯૯ સાડીઓ ખેંચતા ખેંચતા થાકી ગયો પણ દ્રૌપદીના શરીર પરથી દસ ગજ કપડું ઓછું ન થયું. દ્રૌપદીએ શ્રીકૃષ્ણ ભગવાનને જરા આક્રોશથી કહ્યું : "પાંડવવધૂની લાજ લેવાતી હતી છતાં તમે આટલું બધું મોડું કેમ કર્યું ?" ત્યારે શ્રીકૃષ્ણચંદ્રજીએ કહ્યું : "મોડું તો તે કર્યું. હું તો ક્યારનોય સાડીઓ લઈને ઊભો જ હતો. તે વડીલો, પતિઓ, તારા પોતાના પુરુષાર્થનું બળ એમ બધા આશરા લીધા છેવટે લાચારીથી મને સંભાર્યો. ત્યારે હું તો તત્કાળ જ આવ્યો છું."

મહાભારતના યુદ્ધનો અંતિમ સમય ચાલી રહેલો. મહારથી ભીષ્મ, દ્રોણ, કર્ણ, શલ્ય તો રણભૂમિમાં સમાઈ ગયા હતા. ભીમના ગદાપ્રહારથી કણસતો દુર્યોધન રણભૂમિમાં **અંતિમ શ્વાસ** લઈ રહ્યો હતો. પાંડવોના વિજયના શંખધ્વનિ વાગી રહ્યા હતા. પાંડવોએ કૌરવોની શ્રીહીન છાવણીઓમાં પ્રવેશ કર્યો. તે સૌ પોતપોતાના રથમાંથી ઊતરવા લાગ્યા. તે સમયે જ ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : "જરા સાવધાન થઈ જાઓ."

અર્જુનને આ સાંભળી **આશ્ચર્ય** થયું કે, 'યુદ્ધ તો જિતાઈ ગયું છે. હવે શાની સાવધાની રાખવાની ?'

ત્યાં જ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું : "પહેલાં તું ગાંડિવ ધનુષ્ય, તીર ભરેલાં બે અક્ષયભાથાં ઉતારી લે. પછી તું ઊતરી જા. છેલ્લે રથમાંથી હું ઊતરીશ."

રોજ તો શ્રીકૃષ્ણ ભગવાન પ્રથમ નીચે ઊતરતા અને પછી અર્જુનને નીચે ઉતારતા. આજે શ્રીકૃષ્ણે એ ક્રમ ઉલટાવ્યો. પણ ભગવાનની આજ્ઞા હતી, તેથી અર્જુન રથમાંથી નીચે ઊતર્યા. ત્યારબાદ જેવા ભગવાન શ્રીકૃષ્ણ રથમાંથી નીચે ઊતર્યા કે સમગ્ર રથ ઘડીના છઠ્ઠા ભાગમાં ભસ્મીભૂત થઈ ગયો. આ જોઈ અર્જુન સહિત સૌ પાંડવો **આશ્ચર્યચકિત** થઈ ગયા !

અર્જુન તો હતપ્રભ થઈ આ જોઈ જ રહ્યો. તેની આંખોમાં ઘૂંટાતું આશ્ચર્ય જોઈ ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું : "જો પાર્થ ! આ રથ પર કૌરવસેનાના યોદ્ધાઓએ અનેક અસ્ત્ર-શસ્ત્રના પ્રહાર કરેલા. તેને કારણે તે ક્યારનોય બળીને ખાખ થઈ જવાનો હતો. પણ હું તે રથમાં બેસતો હતો, તેથી તેની અને તારી રક્ષા થતી હતી. આજે યુદ્ધ પૂરું થયું. તેથી હવે હું જો પહેલાં નીચે ઊતર્યો હોત તો રથ ભેગો તું પણ ભસ્મીભૂત થઈ જાત."

અર્જુને આ સાંભળ્યું ત્યારે તેને થયું કે, "અહોહો ! આપણને ખબર પણ ન પડે તે રીતે ભગવાન આપણી કેવી રીતે રક્ષા કરે છે !"

તે વખતે યુધિષ્ઠિરના મુખેથી **સ્તુતિ** સરી પડી : 'भगवतस्तु प्रसादेन संशप्तकगणा जिताः । महारणगतः पार्थो यच्च नासीत् पराङ्मुखः ।।' - હે ભગવાન આપની કરુણાથી સંશપ્તગણો પરાસ્ત થઈ ગયા છે અને અર્જુનને યુદ્ધમાં કદી પીઠ બતાવવાનો વારો ન આવ્યો તે પણ આપની **કરુણા**નું જ **ફળ** છે.

અહીં ભગવાનની કરુણાથી સંકટ સમયે દેહની રક્ષાનો લૌકિક લાભ મળતો જોઈ શકાય છે.

ભગવદ્ ગીતામાં ભગવાન **શ્રીકૃષ્ણ** અર્જુનને કહે છે : 'अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।।' - "હે અર્જુન ! જે ભક્ત અનન્ય ભાવે મારું જ નિત્ય ચિંતવન કરે છે, એ ભક્તના યોગ અને ક્ષેમનું હું વહન કરું છું." કહેતા સર્વ પ્રકારના વ્યવહાર ભગવાન સંભાળે છે. કસોટી પણ ભક્તની ભગવાન કરે છે અને રક્ષા પણ તે જ ભગવાન ભક્તની કરે છે.

ગજેન્દ્રએ પોતાનું બળ છોડીને ખાલી થઈ ગયો ત્યારે હરિ પધાર્યા છે : પાંડ્યનરેશ ઈન્દ્રદ્યુમ્ન અગસ્ત્યઋષિના શાપને કારણે હાથી બનેલો. તે ત્રિકૂટ પર્વતના ગાઢ જંગલમાં રહેતો. એકવાર સરોવરમાં પાણી પીવા ગયો ગયેલો, તેને મગરે પકડ્યો. તેને પોતાનું મોત નિકટ લાગ્યું. તે વખતે પૂર્વજન્મની

સાધનાના પ્રભાવથી તેના હૃદયમાં ભગવત્કૃપાનો પ્રકાશ થયો અને પૂર્વજન્મમાં શીખેલી **સ્તુતિ** તેને યાદ આવી ગઈ. તેણે પોકાર કર્યો કે : 'मादृक्प्रपन्नपशुपाशविमोक्षणाय, मुक्ताय भूरिकरुणाय नमोऽलयाय । स्वांशेन सर्वतनुभृन्मनसि प्रतीतप्रत्यग्दृशे भगवते बृहते नमस्ते ।।' - જે રીતે કોઈ દયાળુ પુરુષ બંધનમાં પડેલા પશુના પાશને કાપે છે, તે જ રીતે આપ પણ મારા જેવા શરણાગતના બંધન કાપો છો. આપ નિત્યમુક્ત છો, પરમ કરુણામય છો અને ભક્તોનું કલ્યાણ કરવામાં કદી આળસ કરતા નથી. સર્વ પ્રાણીઓના હૃદયમાં આપ હંમેશાં રહો છો. આપ સર્વ ઐશ્વર્યથી પૂર્ણ અને અનંત છો. આપને હું નમસ્કાર કરું છું.

ગજેન્દ્રની આ પ્રાર્થના સાંભળી ભગવાનની વિહ્વળતા વર્ણવતાં ભાગવતકાર શ્રી **વેદવ્યાસજી** લખે છે : 'तं वीक्ष्य पीडितमजः सहसावतीर्य, सग्राहमाशु सरसः कृपयोज्जहार । ग्राहाद् विपाटितमुखादरिणा गजेन्द्रं, सम्पश्यतां हरिरमूमुचदुस्त्रियाणाम् ।।' - જ્યારે ભગવાને જોયું કે ગજેન્દ્ર અત્યંત દુઃખ પામી રહ્યો છે ત્યારે તેઓ ગરુડને છોડીને કૂદી પડ્યા અને કરુણા કરીને ગજેન્દ્રની સાથે મગરને પણ સરોવરની બહાર લઈ આવ્યા. પછી સર્વ દેવતાઓની સામે જ ભગવાને ચક્ર દ્વારા મગરનું મોં ફાડી નાંખ્યું અને હાથીને છોડાવી લીધો. (શ્રીમદ્ ભાગવત : ૮/૩)

ગજેન્દ્રમોક્ષ આખ્યાનના આધારે ભગવાનની **કરુણા**ને વર્ણવતાં સૂરદાસજીએ **સુંદર શબ્દો** ગૂંથ્યા છે :

'હે ગોવિંદ ! હે ગોપાલ ! અબ તો જીવન હારે...
નીર પીવન હેતુ ગયો, સિંધુ કે કિનારે;
સિંધુ બીચ બસત ગ્રાહ, ચરન ગ્રહી પછારે...
ચાર પ્રહર જુદ્ધ ભયો, લઈ ગયો મઝધારે;
નાક કાન ડૂબન લાગે, (તબ) કૃષ્ણ કો પુકારે...
દ્વારિકા મેં શબ્દ ગયો, શોર ભયો ભારે;
શંખ ચક્ર ગદા પદ્મ, ગરુડ લઈ સિધારે...
સૂર કહે શ્યામ સુનો, શરણ હૈં તિહારે;
અબકી બેર પાર કરો, નંદ કે દુલારે...'

શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી લખે છે : 'न जाने शास्त्राणां विविधमतसन्निर्णयमहं पुराणव्रातानामपि च बहुकल्पाश्रितकथाः । न वा देवर्षीणां पृथगिह मनोरञ्जनविधिं परं जाने स्वामिन् ! भ्रमणहरणं तेऽत्र शरणम् ।।' - હું મીમાંસાદિ શાસ્ત્રોના વિવિધ મતોના સિદ્ધાંતોનો નિર્ણય જાણતો નથી. શ્રીમદ્ ભાગવતાદિ પુરાણોની ઘણા કલ્પોના આશ્રયવાળી કથાઓ પણ જાણતો નથી. આ લોકમાં બ્રહ્માદિ દેવો અને મરીચ્યાદિ ઋષિઓનો ભિન્ન ભિન્ન મનોરંજન વિધિ જાણતો નથી. આ લોકમાં તમારું શરણ સંસારના ભ્રમણને નાશ કરનારું કેવળ જાણું છું.

(શ્રી સત્સંગિજીવન : ૩/૧૪/૪૫)

'તારે રે ભરોસે ભવ મૂક્યો મારો,
જૂઠા રે જગતમાં તારો સાચો સથવારો...તારે૦
તારા વિણ કોણ સુણશે ભક્તોના સાદને,
ધ્રુવને ઉગાર્યો તે તો તાર્યો પ્રહ્લાદને;
દુઃખિયાને સુખ દેવાને, લીધા અવતારો...તારે૦
મારા રે મારગના તું અંધારા કાપજે,
તારા રે દિવડાથી તું અજવાળાં આપજે;
હરિ તારા હેતભર્યા હાથ છે હજારો...તારે૦'

સૌરાષ્ટ્રમાં ભેંશજાળ નામનું ગામ છે. ત્યાં કરણુંભા કરીને સારા હરિભક્ત હતા. તેમને એક બહેન હતી અને તેમનું નામ મીરાબા હતું. નાનપણથીજ મીરાબા, મીરાબાઈની જેમ ભક્તિમાં રસતરબોળ રહેતાં હતાં.

સમય જતાં તેમનું વેવિશાળ એક કુસંગી સાથે થયું. કરણુંભાને ખબર હતી છતાં પણ સગપણ કર્યું. તેથી બીજા ભક્તોએ કહ્યું : "બાપુ ! મીરાબા તો ભક્ત છે તેથી તેનું સગપણ કોઈ હરિભક્ત યુવાન સાથે કરવું જોઈએ. વળી શ્રીહરિજીએ પણ સહુ સત્સંગીઓને કહ્યું છે કે - "સત્સંગીની દીકરી લેવી અને સત્સંગીને દીકરી દેવી." માટે આ વેવિશાળ તમોએ ભગવાનની આજ્ઞા વિરુદ્ધ કર્યું છે." ત્યારે કરણુંભા બોલ્યા : "વરરાજા ખૂબ ધનવાન છે, તેમજ મોટા રજવાડાના માલિક છે અને રૂપવાન પણ છે. ફક્ત વ્યસનીજ છે એટલી જ ખામી છે, તે તો મીરા સાસરે જઈને તેને સુધારી દેશે."

આમ જવાબ આપી લગ્નનું નક્કી કર્યું ને લગ્ન થયાં. મીરાબહેન સાસરે આવ્યાં, ત્યાં તો દારુની મહેફીલ જોઈ. મીરાબાઈએ વિચાર કર્યો : "અરે ! મારા ભાઈએ આવા ઠેકાણે મને કેમ પરણાવી ? મારા સાસરિયા તો કુસંગી છે." આ રીતે અફસોસ કરતાં કરતાં શયનખંડમાં ગયાં. મોડી રાત્રિએ તેમનો પતિ નશાના કેફમાં, હાથમાં સંરુની બૅટલ લઈને આવ્યો. આવીને મીરાબાઈને કહેવા લાગ્યો : "લે...લે...મીરા ! મારા હાથની પ્રેમની પ્યાલી." મીરાબાઈએ તો સ્પષ્ટ ના કહી દીધી, તેથી પેલાને **ક્રોધ** ચઢ્યો. બસ ત્યારથી બન્નેને અણબનાવ શરૂ થયો. વારંવાર પેલો દારુ પીવા માટે મીરા બહેનને મનાવવા લાગ્યો, છતાં ન પીધો એટલે પકડીને પરાણે પાવા ગયો. તુરંત મીરાબહેન તેના બાહુપાશમાંથી છટકીને રૂમમાં જતાં રહ્યાં અને અંદરથી બારણું બંધ કરી દીધું. ઘરમાં ભગવાન શ્રીહરિની મૂર્તિ સામું બેસીને પ્રર્થના કરવા લાગ્યાં અને ચોધાર આંસુએ રડવા લાગ્યાં. આ રીતે **સતત ત્રણ દિવસ સુધી** અન્ન-જળ લીધા સિવાય ભગવાન શ્રીહરિની પ્રાર્થના કરી. મીરાબહેનની આટલી બધી દઢતા અને ધીરજ જોઈને ભક્તવત્સલ શ્રીહરિ પ્રગટ થયા અને પ્રેમથી મીરાબાઈ ઉપર હાથ ફેરવવા લાગ્યા, તેમજ મીરાબાઈનું કષ્ટ જોઈને ભગવાન શ્રીહરિની આંખમાં આંસુ

આવી ગયાં. દિવ્ય ભોજનનો થાળ લાવી શ્રીહરિજીએ પોતાના હાથથી મીરાબહેનના મુખમાં **કોળિયા** મૂકી, અતિ પ્રેમથી જમાડ્યાં. પછી પૂછ્યું : "હે મીરા ! બોલો, તમારી શું ઇચ્છા છે ? હું તમારા ઉપર પ્રસન્ન થયો છું. મારા માટે તમે આટલાં બધાં દુઃખો સહન કર્યાં છે, માટે તમારી ઇચ્છા હોય તે માગી લ્યો." તુરંત મીરાબહેને માગ્યું : "હે પ્રભુ ! આ યમપુરી જેવા ઘરમાં રહેવું નથી, માટે તમારા ધામમાં લઈ જાઓ." તુરંત ભૌતિકદેહનો ત્યાગ કરાવી સિવ્યસેહ ધારણ કરાવી શ્રીહરિ અક્ષરધામમાં લઈ ગયા.

ત્યારપછી શ્રીહરિએ ભેંશજાળ જઈને કરણુંભાને રાત્રિએ દર્શન દઈ ક્રોધ કરીને કહ્યું : "હે કરણુંભા ! તમો અહીંયાં સુખેથી અંરંમ કરો છો, પરંતુ તમારી બહેનની શી હંલતં થઈ છે તે જાણો છો ? રજવાડાના લોભથી પરવશ થઈ તમોએ એક સંરુડિયં સૅથે તમારી બહેનનાં લગ્ન કર્યાં ? તમોને આખા સત્સંગમાંથી કોઈ સત્સંગીનો દીકરો ધ્યાનમાં ન આવ્યો? શું સત્સંગીઓને દીકરા નથી ? તેઓને છોડીને એક કુસંગીને ઘેર તમારી બહેનને ફેંકી દીધી? તેની જિંદગીનો વિચાર પણ ન કર્યો ?"

આ રીતે **ક્રોધાયમાન** થઈને શ્રીહરિને બોલતાં સાંભળી, કરણુંભા અંભં જ બની ગયા  તેથી એકદમ પ્રભુના પગમાં પડીને માફી માગવા લાગ્યા. ત્યારે શ્રીહરિજી બોલ્યા : "તમારી બહેનને હું ધામમાં લઈ ગયો છું તેથી તેના સસરાને ઘેર જશો નહિ." આટલું બોલી શ્રીહરિ **અંતર્ધાન** થઈ ગયા. પછી તો કરણુંભાને **પારાવાર પસ્તાવો** થવા લાગ્યો અને હરિભક્તોએ કહેલ **શબ્દો** યાદ આવ્યા તેથી પોક મૂકીને રડવા લાગ્યા. પરંતુ પછી શું ? આમ, કરુણાસાગર શ્રીહરિએ પોતાના અક્ષરધામમાં અખંડ સુખ આપીને ભક્તની રક્ષા કરી.

આ હેતુથી જ સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામી પોતાના **'હરિસ્મૃતિ'** નામના ગ્રંથમાં કહે છે : 'તમે ભક્તના ભય હરતા, જીવન જાણું છું., નિજજનને નિર્ભય કરતા, જીવન જાણું છું., કાપો કષ્ટ પડે જે જેહી, જીવન જાણું છું.'

(હરિસ્મૃતિ : ૫/૩૬-૩૭)

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** લખે છે :

'કરે સહાય હરિ કષ્ટમાં, નિજસેવકની નરવીર;
વસમી વેળાએ વાલ્યમો, સુખ આપે શ્યામ સુધીર.
સુખકારી દુઃખહારી, ધારી ટેક એ ધૈર્યની;
દાસના અવિનાશ ત્રાસ, વિનાશન રીત્ય ઘરની.'

(ભક્તચિંતામણી : ૧૩૬/૨-૩)

'ભગવદ્ ગુણ દર્પણ' નામના ગ્રંથમાં કહ્યું છે :

'आश्रितोऽर्त्त्यग्निमहिम्नो रक्षितुर्हृदयद्रवः ।
अत्यन्तमृदुचित्तत्वमश्रुपातादिकृद् द्रवत् ।।
कथं कुर्यां कदा कुर्यामाश्रितार्त्तिनिवारण् ।
इतीच्छा दुःखदुःखित्वमार्त्तानां रक्षणत्वरा ।।
परदुःखानुसन्धानाद् विह्वलीभवनं विभोः ।
कारुण्यात्मगुणस्तवेष आर्त्तानां भीतिवारकः ।।'

અર્થાત્ ભગવાનનું હૃદય અત્યંત **મૃદુ** છે. તેથી જ પોતાના આશ્રિતોના દુઃખાગ્નિની જ્વાળાઓથી દ્રવી ઊઠે છે અને અશ્રુપાત વગેરે દ્વારા બહાર આવી છૂટે છે. ત્યારબાદ તો ભગવાન ભક્તોનું દુઃખ વિદારવા આકુળ-વ્યાકુળ થઈ જાય છે કે મારા આશ્રિતનું દુઃખ નિવારણ ક્યારે કરું ! ક્યા ઉપાયથી કરું ! આમ, ભક્તના દુઃખે દુઃખી થતા પ્રભુની આ વ્યાકુળતા જ તેઓની કરુણા છે, જે દુઃખીઓના ભયની નિવારક છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણનો સ્વભાવ **અતિ કરુણામય** હતો. જીવોના અલ્પ દુઃખને પણ તેઓ જોઈ શકતા નહોતા. દીન-દુઃખી ભક્તને દેખતાં જ તેઓ તેના દારિદ્રને દૂર કરવા અતિ ઉતાવળા થઈ જતા. એમની કરુણામય દૃષ્ટિ પડતાં જ દુઃખી આત્માઓ અંતરના વૈભવથી છલકાઈ ઊઠતા અને ભવોભવની ભૂખ ભાંગી જતી.

દ્વેષીલાઓએ મુક્તાનંદ સ્વામીને ચંદનમાં ભેળવી દીધેલ ઝેરથી રક્ષા કરતા હોય કે ગાઢ જંગલમાં માર્ગ ભૂલેલા સંતોને જંગલી પ્રાણીઓથી રક્ષાર્થે બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને સંતોની સંભાળ લેતા હોય, તેમજ મેઉં ગામમાં સ્ત્રીના હૈયાફાટ રુદનથી દયાનિધિ મહારાજનું હૃદય દ્રવી જતું દેખાય છે, જસદણના વાસુરખાચરથી નાજા જોગિયાનું સંકટ હરતા હોય કે સારંગપુરના નિરાધાર દેવાભક્તના આધાર બનીને આખી રાત્રિ મોભને ખભે રાખીને સહાય કરતા હોય; ઓધવજી ભક્તને ચાર ચોરોથી છોડાવતા હોય કે પછી કંથકોટના રામબાઈની સિંધના સુમરાથી રક્ષા કરતા હોય, મોરબીના દરબાર રવાજીના ઉપદ્રવથી દેદલ ભક્તની મદદ કરીને દુઃખો દૂર કરતા હોય કે રાજુલાના નાગદાન સોનીની સાગરમાં સહાય કરતા હોય, કુંડાલના કલાભક્તની અગ્નિમાં તપાવેલા ગોળાથી રક્ષા કરતા હોય કે ઘોઘલાના વણિક લક્ષ્મીચંદ શેઠની પરદેશમાં જીવલેણ બિમારીથી રક્ષા કરતા હોય, બુરાનપુરના ભક્તસંઘની લૂંટારાઓથી રક્ષા કરતા હોય કે મેઘપુરના સુંદરજી ભક્તની સિંહરૂપે સહાય કરતા હોય, ડડુસરના ગલુજીની કાળમુખા યુવાનોથી રક્ષા કરતા હોય કે કાશીદાસ, કુડેરો ભક્ત અને ડાયાભક્તની રક્ષા કરતા હોય, રામધાધલની અંધાપાના દુઃખથી રક્ષા કરતા હોય કે જામનગરના ઝવેરબાની તથા હળિયાદના રૂકમાઈબેન તથા ભેંસજાળના મીરાંબાઈ તેમજ ચંદાબાની રક્ષા કરતા હોય વગેરે અનેક ભક્તોની ભગવાન શ્રીહરિએ અનેક વાર રક્ષાઓ કરી છે અને અત્યારે પણ કરે છે.

કવિ કાલિદાસ 'રઘુવંશ' મહાકાવ્યમાં લખે છે :

'विषमप्यमृतं क्वचिद् भवेदमृतं वा विषमीश्वरेच्छया ।' - 'ભગવાનની કૃપાથી વિષ પણ અમૃત બની જાય અને અમૃત પણ વિષ બની જાય છે.' (૮/૪૬)

આ જ ભાવમાં અન્ય કવિએ પણ કહ્યું છે કે, 'नाकार्यमस्ति किमपीह दयालुतायाः ।' - ભગવાનની દયા, કરુણા હોય તો કોઈ કાર્ય અશક્ય નથી.

સંત સુરદાસજી દ્વારા રચિત કીર્તનપદોનો સંકલિત ગ્રંથ **'સૂરસાગર'**ના પ્રથમ સ્કંધમાં તેઓ ગાય છે :

'જાકી કૃપા પંગુ ગિરિ લંઘૈ, અંધે કૌં સબ કુછ દરસાઈ.
બહિરો સુનૈ ગૂઁગ પુનિ બોલૈં, રંક ચલે સિર છત્ર ધરાઈ.
સૂરદાસ સ્વામી કરુનામય, બાર-બાર બંદૌં તિહિં પાઈ.'

સ.ગુ. શ્રી **નિષ્કુળાનંદ સ્વામી** પણ ભગવાનની કરુણાને વર્ણવતાં કહે છે :

'તમારા પ્રતાપ થકી પાંગળો પર્વત ચડે,
તમારા પ્રતાપ થકી અંધને આંખ્યો જડે;
તમારા પ્રતાપ થકી મૂકો મુખે વેદ ભણે,
તમારા પ્રતાપ થકી રંક તે રાજા બણે.'
(ભક્ત ચિંતામણી : ૧/૩૬-૩૭)

ગોંડલના **જેઠાભાઈ વિપ્ર** અભણ હતા. તેઓની જ્ઞાતિમાં તેઓ એકમાત્ર હરિભક્ત હતા. તેથી તેઓએ ભગવાન શ્રી સ્વામિનારાયણને વિનંતી કરી કે, "મહારાજ ! અમારી જ્ઞાતિમાં હું એક જ હરિભક્ત છું. જ્ઞાતિભાઈઓ ખૂબ ત્રાસ આપે છે. હું ઝાઝું ભણ્યો નથી એટલે તેમની સાથે વાદ-વિવાદ કરી શકું એમ નથી. એટલે બધા કહે છે કે તારો ધરમ ખોટો છે."

શ્રીજીમહારાજ જેઠાભાઈ વિપ્રની આવી ભોળી વાણી સાંભળી હસ્યા. તેમના માથે પોતાના બંને હાથ મૂકી બોલ્યા : "આજથી તારી સાથે કોઈ વાદ-વિવાદ કરી શકશે નહીં. તારી વિદ્વત્તા આગળ બધાંને માથાં નમાવવાં પડશે." ભગવાન શ્રીહરિની આવી કરુણાથી જેઠાભાઈ વિપ્રને સર્વ શાસ્ત્રોનું જ્ઞાન થયું અને ઘણાને સત્સંગ કરાવ્યો.

કોઈએ કહ્યું છે કે, 'જીતને તારે ગગન મેં ઈતને શત્રુ હોય, જિસ પર કૃપા રઘુનાથકી, બાલ ન બાંકા હોય.'

ગોસ્વામી **તુલસીદાસજી** 'વિનયપત્રિકા'માં લખે છે : 'સો ધોં કહા જુ ન કિયો સુજોધન, અબુધ આપને માન જરૈ; પ્રભુપ્રસાદ સૌભાગ્ય બિજય, જસ પાંડવનૈ બરિઆઈ બરૈ.' - પાંડવોની સેના સાત અક્ષૌહિણી હતી, જ્યારે કૌરવોની સેના અગિયાર અક્ષૌહિણી હતી. કૌરવપક્ષે નારાયણી સેના પણ શસ્ત્રસજ્જ હતી. છતાં તે સૌ મળીને પાંડવોનો વાળ વાંકો ન કરી શક્યા.

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૧મા તથા મધ્ય પ્રકરણના ૬૩મા વચનામૃતમાં કહે છે : 'મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે... ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થાય છે.'

ભગવાનની કરુણા અનેક પ્રકારના મોહ અને સંકટથી આપણને બચાવે છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનના મિષે આપણને સૌને જાણે આ આશીર્વાદ આપતાં હોય તેમ કહે છે કે, **'मच्चित्तः सर्वदुर्गाणि मत्प्रसादात्तरिष्यसि ।'** - મારામાં ચિત્ત રાખવાવાળા મારી કરુણાથી સર્વ સંકટોને તરી જાય છે. (૧૮/૫૮)

મનુષ્ય માટે મોટામાં મોટું સંકટ મૃત્યુસમય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૬૧મા તથા મધ્ય પ્રકરણના ૬૩મા વચનામૃતમાં કહે છે : 'મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે... ત્યારે અનંત જાતની આધિ ને વ્યાધિ પ્રગટ થાય છે.' આવા વિકટ સમયે પણ સધિયારો આપતાં ભગવાન **શ્રીકૃષ્ણ** 'ભગવદ્ગીતા'માં કહે છે :

'अन्तकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयाति स मद् भावं याति नास्त्यत्र संशय ।।' (૮/૫)
'ओमेत्येकाक्षरं ब्रह्म व्याहरन् मामनुस्मरन् ।
यः प्रयाति त्यजन् देहं स याति परमां गतिम् ।।' (૮/૧૩)

વળી ગરુડપુરાણમાં પણ કહ્યું છે : 'सकृदुच्चरितं येन हरिरित्यक्षरद्वयम् । बद्धः परिकरस्तेन मोक्षाय गमनं प्रति ।।' (૨૮/૫)

ઉપરોક્ત શ્લોકોનો એક જ ભાવ છે કે, અંતકાળે પણ ભગવાનનું સ્મરણ કરતાં જે દેહત્યાગ કરે છે તે મોક્ષગતિને પામે છે.

એકવખત મૂળજી બ્રહ્મચારીએ ભગવાન શ્રીહરિને ખબર આપ્યા કે, "નિત્યાનંદ સ્વામીએ કહેવડાવ્યું છે કે એક હિન્દુસ્તાની **સાધુ** બીમાર છે તો મહારાજ દર્શન દેવા પધારે."

શ્રીજીમહારાજ આ સાંભળી તે માંદા સાધુ પાસે પહોંચ્યા. પોતાનો જમણો પગ તે સંતની છાતી પર મૂક્યો. બીમાર સંતના શરીરમાં તાવ એવો ધગતો હતો કે ભગવાન શ્રીહરિના ચરણ તપી ગયાં. તે જોઈ મહારાજ બોલ્યા : "બહુ તાવ લાગે છે." ત્યારે તે સંતે કહ્યું કે "જેટલું દુઃખ દેવું હોય તેટલું આ જન્મમાં દેજો પણ બીજો જન્મ લેવો નથી."

તે સંતની આવી **બળભરી વાત** સાંભળી શ્રીજીમહારાજ પ્રસન્ન થઈ ગયા અને કહ્યું : "પ્રારબ્ધ પ્રમાણે તમારે સાત દિવસની પીડા ભોગવવાની હતી, પરંતુ હવે બે દિવસ ભોગવી ધામમાં જશો."

આમ, ભગવાનની કરુણા આ લોક-પરલોકનાં સર્વ સંકટોથી રક્ષા કરનારી છે. તેથી જ તો ગોસ્વામી **તુલસીદાસજી**

પણ ગાય છે :

'જાનકીનાથ સહાય કરે જબ, કૌન બિગાડ કરે નર તેરો...ટેક
સૂરજ મંગલ સોમ ભૃગુસુત, બુધ અરુ ગુરુ વરદાયક તેરો;
રાહુ કેતુ કી નાહીં ગમ્યતા, સંગ શનીચર હોત ઉચેરો...૦૧
દુષ્ટ દુઃશાસન વિમલ દ્રૌપદી, ચીર ઉતાર કુમંતર પ્રેરો;
જાકી સહાય કરી કરુણાનિધિ, બઢ ગયે ચીરકે ભાર ઘનેરો...૦૨
ગરભમેં રાખ્યો પરીક્ષિત રાજા, અશ્વત્થામા જબ અસ્ત્ર પ્રેરો;
ભારતમેં મરુહી કે અંડા, તા પર ગજકા ઘંટા ગેરો...૦૩
જાકી સહાય કરી કરુણાનિધિ, તાકે જગતમેં ભાગ બડેરો;
રઘુવંશી સંતન સુખદાયી, તુલસીદાસ ચરનનકો ચેરો...૦૪'

## અનન્ય શરણાગતિથી ભગવાનની કરુણા :

અહિર્બુધ્ન્યસંહિતામાં અનન્ય **શરણાગતિ**ને વર્ણવતાં કહ્યું છે : '' - ૧. ભગવાનને જે ગમે છે તેવાં જ કાર્યો કરવાનો વિચાર અને પ્રયત્ન; ૨. ભગવાનને જે નથી ગમતું તેનો સર્વથા ત્યાગ; ૩. ગમે તેવાં સંકટોમાં પણ ભગવાન મારી રક્ષા કરશે તેવો વિશ્વાસ; ૪. રક્ષા માટે ભગવાન સિવાય કોઈ અન્ય પાસે હાથ ન લંબાવવો, પણ ભગવાન સમક્ષ જ યાચના કરવી; ૫. પોતાના જીવનને ભગવાનના હાથમાં સોંપી દેવારૂપ મન-કર્મ-વચનથી નિષ્કામભાવે ભગવત્સેવા તથા ૬. આર્તસ્વરથી પ્રભુપ્રાર્થના - એ છ પ્રકારની શરણાગતિથી **ભગવત્કૃપા** પ્રાપ્ત થાય છે.

> ભગવાન **શ્રીરામ** કહે છે : ''જે વ્યક્તિ માત્ર એકવાર શરણે આવીને 'હું તમારો છું' તેમ કહીને, મારી પાસે રક્ષણની પ્રાર્થના કરે છે તેને સમસ્ત ભૂતોથી હું અભય આપું છું. આ મારું બિરુદ છે.''

વાલ્મીકિ રામાયણના **યુદ્ધકાંડ**માં ચૌદમાથી ઓગણીશમા અધ્યાય સુધી વિભીષણની **શરણાગતિ**નો **પ્રસંગ** અતિ સુંદર રીતે વર્ણવ્યો છે. વિભીષણ રાવણને સમજાવે છે કે, સીતાજીને આદરપૂર્વક રામજીને પાછા સોંપી દો, અને ભગવાન શ્રીરામનું શરણ સ્વીકારો. વિભીષણની આ સલાહ રાવણને અપમાનજનક અને કજવી લાગે છે. રાવણ વિભીષણનો તિરસ્કાર કરે છે, અપમાનિત કરે છે અને ત્યાગ કરે છે. ભક્ત વિભીષણ ભગવાન શ્રીરામનું શરણ સ્વીકારવા ઈચ્છે છે. આકાશ માર્ગથી વિભીષણજી સમુદ્ર પાર કરી શ્રીરામચંદ્રજી પાસે આવે છે, અને પોતાનો સ્વીકાર કરવા પ્રાર્થના કરે છે.

વિભીષણ દુશ્મન રાવણના ભાઈ છે, રાક્ષસ છે, યુદ્ધનો સમય છે - આવા સંજોગોમાં વિભીષણનો સ્વીકાર કરવો કે નહિ તે માટે સુગ્રીવ, અંગદ અને લક્ષ્મણજી, જાંબુવાનજી વગેરે સૌ ભગવાન શ્રીરામને વિભીષણનો સ્વીકાર ન કરવા સૂચવે છે. આ સમયે ભગવાન શ્રીરામ પોતાનું એક **વ્રત** બતાવે છે.

ભગવાન **શ્રીરામ** કહે છે : '**सकृदेव प्रपन्नाय तवाऽस्मीति च याचते । अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम ।।**' - ''જે વ્યક્તિ માત્ર એકવાર શરણે આવીને 'હું તમારો છું' તેમ કહીને, મારી પાસે રક્ષણની પ્રાર્થના કરે છે તેને સમસ્ત ભૂતોથી હું અભય આપું છું. આ મારું બિરુદ છે.''

(વાલ્મીકિ રામાયણ : યુદ્ધકાંડ, ૧૮-૩૩)

વિભીષણ રાક્ષસકુળ છે, દુશ્મન રાવણનો ભાઈ છે, યુદ્ધનો સમય છે, પરંતુ શરણે આવ્યો છે તેથી અન્ય સર્વ બાબતોનો વિચાર ન કરતા માત્ર પોતાના શરણાગત રક્ષાના વ્રતનો જ વિચાર કરીને ભગવાન શ્રીરામ તેનો સ્વીકાર કરે છે. તેને પોતાનો અંતરંગ ભક્ત બનાવે છે, અને અંતે લંકાનું રાજ્ય પણ સોંપે છે.

એક દિવસ **વિભીષણ** સમુદ્ર પાર કરીને આ બાજુ આવ્યા. ત્યાં વિપ્રઘોષ નામના ગામમાં એમનાથી અજાણતા બ્રહ્મહત્યા થઈ ગઈ. આ ઘટનાથી ગામના બ્રાહ્મણોએ ભેગા થઈને વિભીષણને ખૂબ માર માર્યો. પરંતુ વિભીષણજી મર્યા નહિ, એટલે બ્રાહ્મણોએ એમને સાંકળોથી બાંધીને જમીનમાં ઊંડી એક ગુફામાં કેદ કરી લીધા. શ્રીરામચંદ્રજી ભગવાનને વિભીષણ કેદ થયાના સમાચાર મળ્યા એટલે તુરંત જ તેઓ પુષ્પક વિમાન લઈને વિપ્રઘોષ ગામમાં પહોંચી ગયા. અને ત્યાં વિભીષણની ભાળ મેળવીને પાસે ગયા. ત્યાંના બ્રાહ્મણોએ શ્રીરામજીનો ખૂબ આદર-સત્કાર કર્યો અને ત્યારબાદ કહ્યું : ''પ્રભુ ! વિભીષણે બ્રહ્મહત્યા જેવું મોટું પાપ કરી નાખ્યું છે, અમે તેને બહુ માર્યો પણ તે મર્યો નહિ.'' ત્યારે ભગવાન શ્રીરામે કહ્યું : ''સાંભળો, બ્રાહ્મણો ! વિભીષણને એક કલ્પપર્યંતની દીર્ઘાયુ અને રાજ્ય આપ્યું છે માટે એ તમે સૌ પ્રયત્નો કરવા છતાં પણ કેવી રીતે મૃત્યુ પામે ? અને તેમને મારવાની જરૂર જ શું છે ? એ તો મારો ભક્ત છે !! સાંભળો બ્રાહ્મણો, વિભીષણ જેવા શરણાગત ભક્ત માટે તો હું સ્વયં મૃત્યુ પામવા તૈયાર છું...!!! એ મારો દાસ છે અને દાસના અપરાધની જવાબદારી હંમેશાં માલિકની જ હોય છે. અર્થાત્ માલિક જ દાસે કરેલા અપરાધના દંડને પાત્ર હોય છે.''

આ પ્રસંગને વર્ણવતાં પદ્મપુરાણ ગ્રંથમાં **શ્રી વ્યાસજી** એક સુંદર શ્લોક લખે છે :

'वरं ममैव मरणं मद्‌भक्तो हन्यते कथम् ।
राज्यमायुर्मया दत्तं तथैव स भविष्यति ।।
भृत्यापराधे सर्वत्र स्वामिनो दण्ड इष्यते ।

रामवाक्यं दिजाः श्रुत्वा विस्मयादिदमब्रुवन् ।।'
(પદ્મપુરાણ, પાતાલ : ૧૦૪/૧૫૧)

ભગવાનની આવી શરણાગત વત્સલતા જોઈને તમામ બ્રાહ્મણો આશ્ચર્ય ચકિત થઈ ગયા અને તે તમામે ભગવાનની શરણાગતિ સ્વીકારી.

પોતાના **અનન્ય શરણાગત**ની સામે પોતાના વ્હાલના હાથ પ્રસરાવીને ભગવાન કહે છે : **'મા શુચઃ'** અર્થાત્ તું કોઈપણ પ્રકારની ચિંતા ન કર. મારો શરણાગત થઈને તું તારી ચિંતા કરે છે એ તો મારો અપરાધ છે, તારું અભિમાન છે અને શરણાગતિમાં કલંક છે. મારા શરણે આવીને પણ પોતાની-ખુદની ચિંતા કરવી એ ખરેખર તો પોતાના બળનું અભિમાન છે.

વરતાલ પ્રકરણના પાંચમા વચનામૃતમાં **શ્રીજીમહારાજ** કહે છે : ''ભગવાનનો **દૃઢ આશ્રય** તે જેને હોય તેને મહાપ્રલય જેવું દુઃખ આવી પડે તોપણ તે દુઃખ થકી રક્ષાનો કરનારો ભગવાન વિના બીજાને ન જાણે અને જે જે પોતાને સુખ જોઈતું હોય તે પણ ભગવાન થકી જ ઈચ્છે પણ પ્રભુ વિના બીજાને સુખદાયક ન જાણે ને પ્રભુની જેમ મરજી હોય તે પ્રમાણે જ વર્તે એવો જે હોય તે પ્રભુનો **શરણાગત જીવ** કહેવાય.''

યોગી **કૃષ્ણપ્રેમ** કહે છે : ''ભગવાનની કૃપા ત્યારે જ અનુભવાય છે જ્યારે વ્યક્તિને પોતાનું સઘળું નષ્ટ થયેલું જણાય છે, પોતાની સઘળી શક્તિઓ સમાપ્ત થયેલી જણાય છે. તે વખતે આપણા અસ્તિત્વનો કણેકણ ભગવાનને પોકારે છે. ત્યારે ભગવાનની કૃપાનો જવાબ મળે છે. તેઓની કૃપા આપણાં અંતરને ભરી દે છે. કરુણાનો પ્રકાશ જુગજૂના અંધકારને ભેદી નાંખે છે.''

જ્યારે પ્રહ્લાદજીને ઊંચા પર્વતો પરથી ગબડાવવામાં આવ્યા, અગ્નિમાં ફેંકવામાં આવ્યા, ઝેરી સર્પદંશ કરાવવામાં આવ્યા, કૃત્યા ઉત્પન્ન કરવામાં આવી ત્યારે પણ તે નિર્ભીકતાથી હિરણ્યકશિપુને કહે છે : 'भयं भयानामपहारिणि स्थिते मनस्यनन्ते मम कुत्र तिष्ठति । यस्मिन् स्मृते जन्मजरान्तकादि भयानि सर्वाण्यपयान्ति तात ।।' - જેમના સ્મરણમાત્રથી જન્મ, જરા, મૃત્યુ વગેરેનો ભય દૂર થઈ જાય છે, તેવા સકળ ભયના નાશ કરનારા ભગવાન હૃદયમાં હોય પછી ભય શાનો? (વિષ્ણુપુરાણમ્ : ૧/૧૭/૩૬)

પ્રહ્લાદને કચડવા ગયેલા હાથીઓના વજ્ર સમા કઠોર દંતશૂળ તૂટી ગયા, પણ પ્રહ્લાદજીનો વાળ પણ વાંકો ન થયો. તે વખતે પ્રહ્લાદ દૃઢ વિશ્વાસ સાથે હિરણ્યકશિપુને કહે છે : 'दन्ता गजानां कुशिलाग्रनिष्ठुराः, शीर्णा यदेते न बलं ममैतत् । महाविपत्तापविनाशनोऽयं, जनार्दनानुस्मरणानुभावः ।।' - હાથીઓના આ જે વજ્ર સમા કઠોર દાંત તૂટી ગયા તેમાં મારું કાંઈ બળ નથી. આ તો મહાવિપત્તિ અને ક્લેશોના નાશ કરવાવાળા ભગવાનના **સ્મરણ**નો જ **પ્રતાપ** છે.
(વિષ્ણુપુરાણમ્ : ૧/૧૭/૪૪)

પ્રહ્લાદજીના એક-એક શબ્દમાં **'रक्षिष्यतीति विश्वासः'** એ શરણાગતિનો સૂર સંભળાય છે. આવા અતિ દૃઢ વિશ્વાસથી જે ભગવાનને શરણે જાય છે તેના માટે ભગવાન ગમે ત્યાંથી પણ પ્રગટ થઈ આવે છે અને ભક્તની રક્ષા કરે છે. તેથી જ **સૂરદાસજી** ગાય છે કે -

'સુનેરી મૈંને નિર્બલકે બલ રામ,
પિછલી સાખ ભરું સંતનકી, આડે સંવારે કામ...
જબ લગ ગજ બલ અપનો બરત્યો, નેક સરો નહિ કામ;
નિર્બલ હોય બલ રામ પુકાર્યો, આયે આધે નામ...
દ્રુપદ સુતા નિર્બલ ભઈ તા દિન, તજી આયે નિજ ધામ;
દુઃશાસન કી ભુજા થકિત ભઈ, વસનરૂપ ભયે શ્યામ...
અપ-બલ તપ-બલ ઔર બાહુ-બલ, ચૌથા હે બલ દામ;
સૂર કિશોર કૃપા સે સબ બલ, હારે કો હરિનામ...'

મહાત્મા સૂરદાસજીની આ શબ્દસરિતામાંથી પણ શરણાગતિથી જ ભગવત્કૃપાની પ્રાપ્તિનો **નિનાદ** સંભળાય છે.

## પુરુષપ્રયત્નથી ભગવાનની કરુણા :

ભગવાન શ્રી સ્વામિનારાયણ સારંગપુર પ્રકરણના ૧૧મા **વચનામૃત**માં કહે છે : ''સદ્‌ગુરુ ને સત્શાસ્ત્રને વચને કરીને દૃઢ વૈરાગ્યને પામ્યો હોય અને દૃઢ શ્રદ્ધાવાન હોય અને અષ્ટ પ્રકારનું જે બ્રહ્મચર્ય તેને અતિ દૃઢ પાળતો હોય અને અહિંસાધર્મને વિષે પ્રીતિવાન હોય ને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય, તો તેને માથેથી જન્મ-મરણની નિવૃત્તિ થઈ જાય છે. જેમ શાળને માથેથી ફોતરું ઊતર્યું તે શાળ પાછી ઊગે નહીં, તેમ કહ્યા એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે ને જન્મ-મરણ થકી રહિત થાય છે ને આત્મસત્તાને પામે છે. આટલું તો પુરુષપ્રયત્ને કરીને થાય છે. અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે અને જ્યારે પરમેશ્વરની **કૃપા** થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે.''

જે પુરુષપ્રયત્ન કરે તે પ્રભુકૃપાનું પાત્ર બને છે અને ભગવાન તે પર કૃપા વરસાવે છે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા મધ્ય પ્રકરણના ૧૨મા **વચનામૃત**માં કહે છે : ''એ પુરુષપ્રયત્નરૂપ જે ઉપાય છે તેને સાવધાન થઈને કરે તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તે સર્વે પુરુષપ્રયત્નરૂપી સાધનને વિષે આવે છે. માટે પુરુષપ્રયત્ન છે તે જ કલ્યાણને અર્થે સર્વ સાધન થકી મોટું સાધન છે.''

જો ભક્ત પુરુષપ્રયત્નમાં સાવધાન થઈને મંડ્યો રહે તો ભગવાનની કૃપા તેના પર અવશ્ય થાય જ છે. આ સિદ્ધાંત

ભગવાન શ્રીકૃષ્ણની ઉલૂખલબંધનલીલાના પ્રસંગમાં જણાય છે.

માતા **જશોદા** દૂધ પીતા બાલકૃષ્ણને પોતાના ખોળામાંથી નીચે ઉતારી ઊકળતા દૂધને સંભાળવા ચાલી નીકળ્યાં ત્યારે બાલકૃષ્ણે ગુસ્સામાં આવીને દહીંની મટકી ફોડી નાંખી અને દોડતાં દોડતાં માખણની મટકી પાસે પહોંચી ગયા. અહીં તેઓ ઉલૂખલ પર ચઢી, માખણ કાઢી, વાંદરાઓને લૂંટાવવા લાગ્યા. આ જોઈ જશોદા માતા લાકડી લઈ દોડ્યાં અને બાલકૃષ્ણને પકડી લીધા. તેઓએ વિચાર્યું કે બાલકૃષ્ણને ઉલૂલખ સાથે બાંધી સીધા દોર કરી દઈએ. તેથી તેઓ દોરી લઈ આવ્યાં પણ તે દોરી બે આંગળ ટૂંકી પડી.

ત્રીજી દોરીની પણ એ જ દશા થઈ ત્યારે તેઓએ ઘરમાંથી બધી દોરી ભેગી કરી એક દોરી બનાવી, પણ આશ્ચર્ય વચ્ચે બધી દોરીઓ ભેગી થઈને પણ ભગવાન શ્રીકૃષ્ણને બાંધવામાં બે આંગળ ટૂંકી જ પડી. આ મહેનત કરવામાં માતા જશોદા તો થાકીને લોથપોથ થઈ ગયાં. તે વખતે ભાગવતકાર કહે છે : 'स्वमातुः स्विन्नगात्राया विस्रस्तकबरस्रजः । द्रष्ट्वा परिश्रमं कृष्णः कृपयाऽऽसीत् स्वबन्धने ।।' - માતા જશોદાનો પરિશ્રમ જોઈ ભગવાન શ્રીકૃષ્ણ કૃપા કરી પોતે જ બંધનમાં આવી ગયા.

(શ્રીમદ્ ભાગવત : ૧૦/૯/૧૮)

ભક્તનો પુરુષાર્થ અને પ્રભુકૃપા - આ બેથી જ ભગવાન બંધનમાં આવે છે. તેથી અન્ય કોઈ સાધન ભગવાનને બાંધી શકતું નથી. જ્યાં સુધી આ બે નહોતા ત્યાં સુધી દોરી બે આંગળ ટૂંકી પડતી હતી. જ્યારે ભગવાને માતાનો પરિશ્રમ જોયો ત્યારે તેઓની કૃપાશક્તિનો આવિર્ભાવ થયો ને તે બંધનમાં આવી ગયા.

એકવખત સદ્ગુરુ **ગોપાળાનંદ સ્વામી** બોટાદ પધાર્યા હતા. અહીં તેઓને શરીરે કળતર જેવું હતું. તેથી એક સેવક સંતે આખી રાત સ્વામીની સેવા કરી. તે સંતનો આવો પરિશ્રમ જોઈ ગોપાળાનંદ સ્વામીની કૃપા થઈ ને સહેજે બોલી ગયા : "અહોહો ! તમે મારા દેહની કળતર મટાડી ! જાઓ, મહારાજ તમારા જીવની કળતર મટાડી દેશે."

ગઢડામાં ગોપીનાથજી મહારાજના મંદિરનું કામ ચાલતું હતું, ત્યારે **અલિયાસ** નામનો જમાદાર ઘેલા નદીમાંથી એક મણનો મોટો પથ્થર લઈ આવ્યો અને તેને પાયામાં પૂરતાં ભગવાન શ્રી સ્વામિનારાયણને કહ્યું : "દેખો સ્વામિનારાયણ ! હું આ મણનો પાણો પાયામાં નાંખું છું. તમે કહ્યું છે તો હવે મારું કલ્યાણ કરજો." તેનો પરિશ્રમ જોઈ ભગવાન શ્રીહરિ રાજી થઈ ગયા અને તેના અંતકાળે તેડવા પણ પધાર્યા હતા.

તેથી જ ભગવાન શ્રીહરિ મધ્ય પ્રકરણના ૭મા **વચનામૃત**માં કહે છે : "વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ..."

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૫મા **વચનામૃત**માં કહે છે : "...અને ધ્યાન કરતાં મૂર્તિ હૃદયને વિષે ન દેખાય તોપણ ધ્યાન કરવું; પણ કાયર થઈને તે ધ્યાનને મૂકી દેવું નહીં. એવી રીતના આગ્રહવાળા છે તેની ઉપર ભગવાનની મોટી કૃપા થાય છે. અને એની ભક્તિએ કરીને ભગવાન એને વશ થઈ જાય છે."

સદ્ગુરુ શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પોતાની વાતોમાં કહે છે : "એક દિવસ સાધુએ ઘણી ભક્તિ કરી તે જોઈને મહારાજ રાજી થયા ને પછી વાત કરી જે, કામ, ક્રોધ આદિક જે અંતરશત્રુ છે તે જીવથી જિતાય તેવા નથી, પણ અમે ને મોટા સાધુ તમારા પક્ષમાં છીએ, તે અમે મદદ કરશું એટલે જિતાશે; માટે તમે હિંમત રાખીને મંડ્યા રહેજો. તે ઉપર ટિટોડીએ ગરુડની સહાયથી સમુદ્ર પૂરી દીધાની મહારાજની કહેલી વાત કહી." (૪/૧૮)

આમ, ભગવત્કૃપા મેળવવા **પુરુષપ્રયત્ન** એ મહત્ત્વનું **માધ્યમ** બની રહે છે.

ભગવત્પ્રાપ્તિ માટે આપણે નિમિત્તરૂપ **પુરુષાર્થ** તો કરવો પડે છે. વરસાદ વરસ્યા જ કરે પણ બીજ જ ન હોય તો ? આપણો અલ્પ પ્રયત્ન નાનકડું બીજ છે. ભગવાનની કૃપા તો વરસે જ છે પણ પુરષાર્થનું બીજ હશે તો જ ફળ-ફૂલ આવશે.

એકવખત ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલમાં બિરાજમાન હતા. તે સમયે ત્યાં ઉપસ્થિત સંતોના બે વિભાગ કરાવ્યા અને તે વચ્ચે ચર્ચા શરૂ કરાવી કે, 'ભગવાન કૃપાસાધ્ય કે ક્રિયાસાધ્ય ?' તેમાં એક પક્ષે ભાઈ રામદાસ સ્વામી અને વિચરણ કરનારા સંતો રહ્યા. બીજા સામે પક્ષે મુક્તાનંદ સ્વામી ને ભણનારા સંતો રહ્યા. ભાઈ રામદાસજીએ કહ્યું : "શ્રીહરિ આપ-ઈચ્છાએ સત્સંગમાં આવીને રહ્યા છે. અને આપ-ઈચ્છાએ ધર્મને ઘેર પ્રગટ થયા છે. સાધને કરીને કોઈને મળ્યા હોય તેમ સાંભળ્યું નથી. માટે શ્રીહરિ **કૃપાસાધ્ય** છે."

ત્યારે મુક્તાનંદ સ્વામીએ **પ્રતિપક્ષ** રજૂ કરતાં કહ્યું : "ભરતખંડમાં અતિ અધર્મ થાય છે ત્યારે ભક્તો શ્રીહરિને પોકાર કરે છે. તે પોકાર સાંભળી શ્રીહરિ આવે છે. ગજેન્દ્રે પોકાર કર્યો ત્યારે આવીને તેને બચાવ્યો. અજામિલ પાપી હતો, પરંતુ તેણે કરેલા પ્રથમના સાધનથી તેને સંત મળ્યા. તેથી તેણે કરજોડી વિનંતી કરી, પોતે પાપી ને અધમ છે એમ કબૂલ કરી, પોતાના ઉદ્ધાર માટે સુગમ ઉપાય બતાવવા પ્રાર્થના કરી. ત્યારે સંતે તેને નારાયણનું નામ-કીર્તન કરવા કહ્યું. આ ઉપરથી સમજાય છે કે હાથ, પગ, નેત્ર વગેરે ઈન્દ્રિયોરૂપી સાધન વિના ચાલવું, ફરવું, જોવું, સાંભળવું વગેરે ક્રિયા બનતી નથી. તેમ

સાધન વિના હરિ મળતા નથી.''

આમ, સામસામે ચાર દિવસ સુધી જોરદાર ચર્ચા જામી.પછી સંતોએ મધ્યસ્થી ભગવાન શ્રીહરિને નિર્ણય આપવા **પ્રાર્થના** કરી. શ્રીહરિએ નિર્ણય આપતાં કહ્યું :

'હરિ કહત ભયે કોઊ ઠોરા, કૃપાસાધ્ય હરિ રહે બલજોરા;
ક્રિયાસાધ્ય પ્રધાન રહાયે, ઐસે પ્રશ્ન કે ઉત્તર કરાયે.'

''હે સંતો! અમે અમારી કૃપાથી જ આ લોકમાં પ્રગટ થયા છીએ. અને અમારી કૃપાથી જ જીવને મળીએ છીએ. અમને પ્રાપ્ત કરવા માટે કૃપા અને ક્રિયા બંનેની જરૂર છે. કોઈ વખતે ભગવાન કૃપાસાધ્ય થાય છે ખરા, પણ ક્રિયાસાધ્ય પ્રધાનપણે રહે છે.'' (શ્રીહરિચરિત્રામૃતસાગર : ૧૫/૪૯)

અર્થાત્ આપણે ગમે તેટલાં સાધન કરીએ, પરંતુ મહત્તા તો ભગવત્કૃપાની જ રહે છે તે ભૂલવું ન જોઈએ. સાધન તો સર્વે સુષુપ્તિમાં લીન થઈ જાય છે. આ વાતને સમજાવતાં સદ્ગુરુ શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** કહે છે : ''સાધન કરી કરીને મરી જાય તોપણ વાસના ટળે નહીં. એ તો મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે છે.'' (૧/૭૦)

''પૂર્વના સંસ્કારથી વાસના બીજરૂપ છે, તે તો મોટાને મન સોંપીને રાજી કરે ત્યારે મોટાના અનુગ્રહથી ટળે છે પણ બીજા કોઈ ઉપાયથી ટળતી નથી.'' (૪/૫)

''આપણે લઈ મંડીએ ત્યારે મહારાજને દયા આવે, ને રોજ સ્તુતિ કરવા માંડીએ ત્યારે મોટા ગુણ આપ્યા વિના રહે નહીં. મહારાજે પ્રશ્ન-ઉત્તર કરાવ્યા, તેમાં છેવટે મહારાજ કહે : 'અક્ષરધામમાંથી અમે આંહી આવ્યા એવી તમારી કઈ ક્રિયા ?' એ તો કૃપાએ કરીને જ આંહીં પધાર્યા છે, એમ મહારાજને કૃપાસાધ્ય જાણવા.''

એકવખત **શ્રીજીમહારાજ** વડતાલ પધારતા હતા. તે વખતે ભાલમાં **બોરુ** ગામ છે ત્યાં સવારમાં સ્નાન કરીને તળાવને કાંઠે દેરી છે ત્યાં ઉગમણે મુખારવિંદે બેસીને નિત્યવિધિ કરતા હતા. તે સમયે પર્વતભાઈ, મયારામ ભટ્ટ વગેરે દોઢસો હરિભક્તો પણ ત્યાં જઈ પહોંચ્યા. સૌ મહારાજને દંડવત્ કરી પગે લાગ્યા.

તે વખતે **પર્વતભાઈ** હાથ જોડીને બોલ્યા કે, ''હે મહારાજ! તમે કહો તે હું તમને આપું.''

ત્યારે **શ્રીજીમહારાજ** કહે : ''પર્વતભાઈ ! અનંતકોટિ બ્રહ્માંડ અમારા આધારે છે અને તે સર્વ બ્રહ્માંડમાં અમારું કર્યું જ થાય છે. તે બ્રહ્માંડની બહાર કાંઈ તમારું હોય તો તે અમને આપો.''

ત્યારે પર્વતભાઈ વિચારમાં પડી ગયા. પછી મહારાજને બે હાથ જોડીને કહ્યું કે, ''હે મહારાજ! આપ જેમ કહો તેમ કરું.''

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : ''પર્વતભાઈ ! અમારાં આ પાંચ વર્તમાન રાખે તેનાં અમારે કલ્યાણ કરવાં છે.''

ત્યારે પર્વતભાઈએ કહ્યું : ''એ પાંચ વર્તમાન અમે પાળતાં હોત તો તમે શું પળાવત ?''

ત્યારે શ્રીજીમહારાજ હસતાં બોલ્યા : ''તો હું તેની છૂટી મેલત. જે એ વર્તમાન ન પાળે તેનું કલ્યાણ!''

(શ્રી અક્ષરાનંદ સ્વામીની વાતો : નં. ૩૮૦ના આધારે...)

આ પ્રસંગ પરથી સ્પષ્ટ સમજાય જાય છે કે પ્રયત્નની પ્રધાનતા કેટલી છે ? અને કૃપાની મહત્તા કેટલી છે ? ભગવાન આપણા પ્રયત્નને સ્વીકારે છે તેથી તે સાર્થક ઠરે છે. અન્યથા તેની કોઈ કિંમત રહેતી નથી.

એક **સુભાષિત**માં કહ્યું છે કે, 'छित्वा पाशमपास्य कूटरचनां भङ्क्त्वा बलाद् वागुरां पर्य्यन्ताग्निशिखाकलापजटिलान्निर्गत्य दूरं वनात् । व्याधानां शरगोचरादपि जवेनोत्प्लुत्य धावन्मृगः कूपान्तः पतितः करोत्ति विधुरे किं वा विधौ पौरुषम् ।।' - પાશ તોડીને, કૂટરચનાથી છટકીને, બળથી જાળ ભેદીને, ચારેય તરફ સળગેલા વનથી બચીને, શિકારીઓના બાણને પણ ચૂકવતું, ઊછળતું-કૂદતું મૃગલું કૂવામાં પડીને મૃત્યુ પામ્યું. જ્યારે વિધાતા (ભગવાન) જ વિપરીત હોય ત્યાં પુરુષાર્થ શું કરશે ?

આ સુભાષિત પણ સમજાવે છે કે પુરુષપ્રયત્ન કરતાં ભગવાનની **કૃપાની જ મહત્તા** વિશેષ છે.

ભગવાન જ્યારે કૃપા વરસાવવા બેસે ત્યારે સાધનનો કાંઈ મેળ રહેતા દેતા નથી. પરંતુ તેઓએ જ જ્યારે પ્રયત્નની-સાધનાની અમુક હદ સુધી કિંમત આંકી છે ત્યારે સાધકે તે સાધન કરવાં જ રહ્યાં, જેથી ભગવાનને કૃપા વરસાવવાના અવસર મળે.

જેમ હોડી બંને બાજુ લાગતાં હલેસાંથી આગળ વધે છે, એકબાજુથી જ હલેસાં મારવામાં આવે તો તે હોડી ગોળ-ગોળ ફરે પણ આગળ ન વધે; તેમ પુરુષાર્થ અને પ્રાર્થનાનાં બે હલેસાંથી જ ભગવાન સુધી પહોંચી શકાય છે. માટે ભગવાન તો કૃપા વરસાવે જ છે, પરંતુ સાધકે તે ઝીલવાની પાત્રતા કેળવવા પણ પુરુષાર્થ કરવો જરૂરી છે.

એક ગામની ભાગોળે કોઈ **મહાત્મા** આવીને બેઠા હતા. એક સદ્ગૃહસ્થ તેઓને પોતાના ઘેર ભોજન માટે પધારવા **આમંત્રણ** આપવા ગયો, પરંતુ મહાત્માજી તો 'રામજી... રામજી...' કહેતાં બેસી જ રહ્યા. સદ્ગૃહસ્થે મહાત્માજીને ઊંચકીને ગાડામાં બેસાર્યા અને પોતાના ઘર સુધી લઈ આવ્યો. મહાત્માજીને ઉતરવાની વાત કરી, ત્યારે પણ તે મહાત્મા તો 'રામજી... રામજી...' કહેતાં બેસી જ રહ્યા. એટલે પેલા સદ્ગૃહસ્થે મહાત્માને ઊંચકીને ઘરમાં આસન પર પધરાવ્યા. તેમની સામે પિરસેલી થાળી મૂકી અને જમવા કહ્યું. છતાં મહાત્માજી તો કોળિયા ભરવાને બદલે 'રામજી... રામજી...' બોલતાં બેસી જ રહ્યા. છેવટે સદ્ગૃહસ્થે મહાત્માના મોંમા કોળિયા મૂકી આપ્યા અને કહ્યું : ''મહાત્માજી ! હવે ચાવો.'' ત્યારે પણ મહાત્મા 'રામજી... રામજી...' બોલતાં બેસી રહ્યા.

એ વખતે પેલા સદ્‌ગૃહસ્થનો પિત્તો ગયો અને બોલ્યો : "આટલું મેં કરી આપ્યું, પણ હવે હું થોડો ચાવી દઈશ? ચાવવું તો તમારે જ પડશે."

આ દૃષ્ટાંતનો **સિદ્ધાંત** એ છે કે ભગવાન આપણા પર ઘણી ઘણી કૃપા (કરુણા) કરે છે, પરંતુ અમુક પુરુષાર્થ તો આપણે કરવો જ રહ્યો. વરસાદ ગમે તેટલો વરસે પણ માટલું જ ઊંધુ હોય તો પાણી કેવી રીતે ભરાય?

ડાંગરા ગામના **ખીમા પટેલ**ના ફળિયામાં હીંચકો બાંધેલો. ખીમા પટેલને એવો **સંકલ્પ** હતો કે 'મહારાજ એકવાર આ હીંચકે ઝૂલે.'

ભગવાન શ્રીહરિ **ડાંગરા** પધાર્યા ત્યારે ખીમા પટેલના ઘેર જઈ પહોંચ્યા અને સીધા જ પેલા હીંચકા પર બેસી બોલ્યા : "પટેલ! આજે તમે અમારો **સંકલ્પ** પૂરો કર્યો."

આ સાંભળી ખીમા પટેલે કહ્યું : "મહારાજ! આવું અવળું કેમ બોલો છો ? હીંચકા પર બેસી આપે મારો સંકલ્પ પૂરો કર્યો. હું કોણ તમારા સંકલ્પ પૂરા કરવાવાળો?"

ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "અમારો સંકલ્પ છે કે ભક્તના મનોરથ પૂરા કરવા. જો તમે મનોરથ જ ન કર્યો હોત તો અમારો સંકલ્પ અધૂરો રહી જાત ને? પણ તમે ભક્તને લાડ લડાવવાનો અમારો સંકલ્પ પૂરો કર્યો."

આમ, ભગવાનને તો સંકલ્પ છે જ કે ભક્ત પર કૃપા વરસાવવી, પણ તે માટે તેઓ અલ્પ પુરુષાર્થની અપેક્ષા તો રાખે જ છે. છતાં ઘણીવખત ભગવાનને **કૃપાસાધ્ય** જ ગણવામાં આવે છે તેનું કારણ એ હોય છે કે ભગવત્પ્રાપ્તિમાં પ્રયત્નની મહત્તા અલ્પ હોય છે. જેમ લાખ રૂપિયાના દાનની રકમમાં કોઈકનું યોગદાન હજાર રૂપિયા હોય તો મુખ્ય દાતા તો નવ્વાણું હજાર રૂપિયાવાળો જ ગણાય તે સ્વાભાવિક છે, પરંતુ એ પણ એટલું જ સત્ય છે કે પેલા હજાર રૂપિયા ન ભળે તો એક લાખ રૂપિયા પૂરા તો ન જ થાય. તેમ ભગવત્પ્રાપ્તિમાં ભગવાનની કૃપાનો ખાસ્સો મોટો હિસ્સો હોય છે અને પ્રયત્નની માત્રા તો અતિ ઓછી હોય છે, પણ એક હજાર રૂપિયા જેવો એ પ્રયત્ન એક લાખ રૂપિયાની જેવી ભગવત્પ્રાપ્તિ માટે જરૂરી તો છે જ.

આ ભગવત્પ્રાપ્તિમાં કેવળ કૃપાની જ મહત્તા અભિવ્યક્ત થતી હોય અને પોતે કરેલ સાધનાની તો કાંઈ જ વિસાત ન હોય. જેમ પ્રહ્લાદજી ભગવાનની **સ્તુતિ** કરતાં કહે છે : **'क्वाहं रजःप्रभव ईश तमोऽधिकेऽस्मिञ्जातः सुरेतरकुले क्व तवानुकम्पा । न ब्राह्मणो न तु भवस्य न वै रमाया यन्मेऽर्पितः शिरसि पद्मकरः प्रसादः ।।'** - હે પ્રભુ ! ક્યાં તમોગુણપ્રધાન અસુરકુળમાં જન્મેલો અને રજોગુણથી અવરાયેલો હું ? અને ક્યાં આપની અસીમ અનુકંપા ? હે નાથ ! ધન્ય છું કે જે હસ્ત બ્રહ્મા, શિવ અને લક્ષ્મીજીના શિર પર પણ પડ્યા નથી તે આપના અનુગ્રહસભર કરકમળ આપે મારા શિર પર સ્થાપ્યાં.

(શ્રીમદ્ ભાગવત : ૭/૯/૨૬)

અહીં પ્રહ્લાદની દીનતા તેની સાધનશૂન્યતામાંથી નથી જન્મી. આપણે સૌ પ્રહ્લાદની **કઠિન સાધના** જાણીએ છીએ. જુગતરામ દવે લખે છે :

'હાથે કરી કેમ હારી તું જા ! થાતું નથી કહી બેસી શું જા !
સરખાવી જો ઓલ્યો બાળો પ્રહ્લાદજી,
તુંથી હતી શું એની લાંબી ભુજા ?
જુલમની જાળમાં રમતો એ બાલુડો,
રોતલ થતાં તને ના'વે લજ્જા ?
છૂંદ્યો છૂંદ્યો ને એને સળગાવ્યો જીવતો,
તેં તો ક્યાં હજી એવી સાંખી સજા ?
મૃત્યુને રોજ તાલી દેતા પ્રહ્લાદજી,
સંકટ સ્પર્શ્યું કે તત્ત્વ નહોતાં તજ્યાં;
સાચાને શક્ય સહુ, ખોટાને મિષ બહુ;
બાળે ત્રિકાળ એવી રોપી ધજા.'

આમ, પ્રહ્લાદજીએ **અતિ કઠણ સાધનો** ભગવાનની પ્રાપ્તિ માટે કર્યાં હતાં, પણ જ્યારે પ્રભુદર્શન થયાં, ભગવત્કૃપાની અનુભૂતિ થઈ ત્યારે તેને લાગ્યું કે, 'ભગવાને મને જે આપ્યું તેના હિસાબે મેં તો કાંઈ જ કર્યું નથી.'

ટૂંકમાં ભગવત્પ્રાપ્તિમાં સાધકના પ્રયત્ન અને સાધ્યની કૃપાની ધારા આ બંને સંવલિત હોય છે, પરંતુ એમાં પ્રબળપણું ભગવત્કૃપાનું જ રહેલું છે. કવિ શ્રી **નરસિંહ દીવેટિયા** આ જ ભાવને કાવ્યમાં રજૂ કરતાં લખે છે :

'પ્રેમળ જ્યોતિ તારો દાખવી, મુજ જીવનપંથ ઉજાળ...
ભભકભર્યાં તેજથી હું લોભાયો, ને ભય છતાં ધર્યો ગર્વ;
વીત્યાં વર્ષો ને લોપ સ્મરણથી, સ્ખલન થયાં જે સર્વ; મારે આજ થકી નવું પર્વ...
તારા પ્રભાવે નિભાવ્યો મને, પ્રભુ આજ લગી પ્રેમભેર;
નિશ્ચે મને તે સ્થિર પગલેથી, ચલવી પહોંચાડશે ઘેર; દાખવી પ્રેમ જ્યોતિની સેર...
કર્દમભૂમિ કળણ ભરેલી, ને ગિરિવર કેરી કરાડ;
ધસમસતા જળ કેરા પ્રવાહો, સર્વ વટાવી કૃપાળ; મને પહોંચાડશે નિજ દ્વાર...'

આમ, જ્યારે લૌકિક અને આધ્યાત્મિક માર્ગે ભગવત્કૃપા જ સર્વસ્વ છે ત્યારે ચાલો, આપણે ભગવાનને પ્રાર્થીએ કે, **'પ્રસીદતામેષ સ સાત્વતાં પતિઃ ।'** - હે ભગવાન! આપ મારી પર પણ કૃપા કરો.

(શ્રીમદ્ ભાગવત : ૭/૧૫/૭૭)

અને પ્રેમસખી **પ્રેમાનંદ સ્વામી**ના આ સૂરમાં **સૂર** મિલાવી વિરમીએ : **'કૃપાસિંધુ કૃપા કરી, નેક સુદૃષ્ટિ કીજે; અબ તો નાથ નિભાઈ લીજે...'**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી
તથા સાધુ ધર્મવલ્લભદાસજી

**શ્રીમદ્ ભાગવત કથા**
**પરબવાવડી**






પરબવાવડી (તા. ભેંસાણ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ ભાગવત પારાયણ તથા લેઉવા પટેલ સમાજવાડીનો લોકાર્પણ સમારોહ.

**કથાપારાયણ**
**ધણેજ**




ધણેજ (તા. તાલાળા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી
યોજાયેલ પાર્ષદ ખુશાલ ભગતના વક્તાપદે કથાપારાયણ

## શાકોત્સવ સત્સંગ સભા
## નિકોલ-અમદાવાદ




નિકોલ-અમદાવાદને આંગણે યોજાયેલ શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## શાકોત્સવ સત્સંગ સભા
## ત્રાલસા





ત્રાલસા (જી. ભરુચ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી યોજાયેલ
શાકોત્સવમાં સત્સંગ કથાવાર્તાનો લાભ આપતાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

## વાર્ષિક પાટોત્સવ
## મલાડ






મલાડ (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી ધર્મકુળ પરિવારની ઉપસ્થિતિમાં યોજાયેલ શ્રી સ્વામિનારાયણ મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા પ.ભ. શ્રી મનુભાઈ દુર્લભજીભાઈ સિદ્ધપુરાના યજમાનપદે શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ




કેશોદ શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના વક્તાપદે યોજાયેલ શ્રીમદ્ સત્સંગિજીવન કથાપારાયણ




કાંદિવલી (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ




દહિસર (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ

**નિંગાળા**
**તા. ગઢડા, જી. ભાવનગર**






**લાઠીદડ**
**તા. જી. બોટાદ**





**નાગનેશ**
**તા. ચુડા જી. સુરેન્દ્રનગર**






**શંકરપરા**
**તા. જી. બોટાદ**





વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-ગઢડા** આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**

**સનાળી**
**તા. જસદણ, જી. રાજકોટ**




**જસદણ**
**જી. રાજકોટ**




**હરિપુરા**
**તા. જી. અમરેલી**





**કણકોટ**
**તા. જી. અમરેલી**




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-ગઢડા** આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**




















વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-ગઢડા** આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**

**રાજુલા**
**તા. જી. અમરેલી**






**લીખાળા**
**તા. સાવરકુંડલા, જી. અમરેલી**





**ઠવી**
**તા. સાવરકુંડલા, જી. અમરેલી**






**પીચાવા**
**તા. સાવરકુંડલા, જી. અમરેલી**






વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**-ગઢડા આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**

**પીપરડી (ઘોબા)**
તા. સાવરકુંડલા, જી. અમરેલી





**સાતપડા**
તા. ગારીયાધાર, જી. ભાવનગર






**શાખપુર**
તા. લાઠી, જી. અમરેલી







**કાચરડી**
તા. લાઠી, જી. અમરેલી




વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-ગઢડા** આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**

**વિકળીયા**
**તા. ગઢડા જી. ભાવનગર**




**લીમડા**
**તા. વલ્લભીપુર, જી. ભાવનગર**




**વલ્લભીપુર**
**જી. ભાવનગર**




**અગીયાળા**
**જી. ભાવનગર**





વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી **શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર-ગઢડા** આયોજીત **પ.પૂ. લાલજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં સત્સંગ અભ્યુદય અર્થે **શ્રી ગોપીનાથજી મહારાજ**ના તાબાના જુદા-જુદા ગામોમાં **તા. ૧૭-૧૨-૨૦૧૮** થી **૨-૧-૨૦૧૯** સુધી યોજાયેલ **દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાઓ**

**કામીનીયાનગર**
**ભવ્ય શાકોત્સવ**





કામીનીયાનગર (ભાવનગર)ને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ ગઢપુર પ્રદેશ અંતર્ગત ભવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા

**ભવ્ય શાકોત્સવ**
**ડોંબીવલી**




ડોંબીવલીને આંગણે શ્રી સ્વામિનારાયણ સીટી ખાતે યોજાયેલ શાકોત્સવમાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી

**કથાપારાયણ**
**કોપરખૈણે (મુંબઈ)**




કોપરખૈણે (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ

**કથાપારાયણ**
**વિક્રોલી (મુંબઈ)**



**કથાપારાયણ**
**અંબરનાથ (મુંબઈ)**



વિક્રોલી તથા અંબરનાથ (મુંબઈ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી યોજાયેલ પાર્ષદ સર્વમંગલ ભગતના વક્તાપદે કથાપારાયણ

**રાજીપો વિન્ટર શિબિર**
**ન્યુજર્સી (USA)**














**રાજીપો વિન્ટર શિબિર**
**શિકાગો (IL-USA)**





**અમેરિકાના ન્યુજર્સી** તથા **શિકાગો** ખાતે શ્રી સ્વામિનારાયણ મંદિર પરિસરમાં પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં અમેરિકાના જુદા જુદા સેન્ટરોના આંતરરાષ્ટ્રીય **શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ**ના યુવક-યુવતી તથા બાળ-બાળિકાઓની **'નેશનલ સત્સંગ શિબિર'** યોજાઈ હતી. 'રાજીપો'ના વિચારને કેન્દ્રમાં રાખીને યોજાયેલી આ શિબિરમાં ૫૦૦ કરતા વધુ યુવક-યુવકતીઓએ સંપ્રદાયના મૂળભૂત સિદ્ધાંતો તેમજ ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યુવાન હરિભક્તોના પ્રેરણાત્મક પ્રવચનો દ્વારા દઢ કર્યા હતા.




**રાજકોટ** શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં **શ્રી ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટ** આયોજીત નવનિર્માણ હોસ્પિટલના લાભાર્થે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ ભાગવત કથાપારાયણ'** (તા. ૩૦ થી ૫-૧-૨૦૧૯)

૧. પોથીપૂજન કરતા પૂ. વક્તાશ્રી તથા મુખ્ય યજમાન શ્રી સુભાષભાઈ બોદર. ૨. પૂ. શ્રી કરશનદાસ બાપુ (પરબ) ૩. પૂ. શ્રી જીગ્નેશદાદા (રાધેરાધે) ૪. પૂ. સ્વામી સાથે ભાગવતાચાર્યશ્રીઓ. ૫. પૂ. શ્રી જનકભાઈ મહેતા. ૬. પૂ. શ્રી કનૈયાલાલ ભટ્ટ. ૭. પૂ. શ્રી યજ્ઞેશભાઈ ઓઝા. ૮. માન. શ્રી કમીશ્નર સાહેબ - રાજકોટ. ૯. માન. શ્રી નરેશભાઈ પટેલ. ૧૦. પૂ. સ્વામીના આશીર્વાદ મેળવતા શ્રી માયાભાઈ આહીર. ૧૧. લોકડાયરો. ૧૨. નવનિર્માણ હોસ્પીટલ વિગતનું બ્રોસર વિમોચન.




જૂનાગઢ પ્રદેશના **ચણાકા** (તા. ભેંસાણ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી** તથા પ.પૂ. **લાલજી મહારાજશ્રી**ના આશીર્વાદથી ઉજવાયેલ **શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો **'દશાબ્દી મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'**

૧. ચણાકા મંદિરમાં બિરાજમાન ઠાકોરજીની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. શોભાયાત્રા. ૩. યજમાન પરિવાર. ૪-૫-૬. કથા અંતર્ગત જેતપુર ગાદિ-પટ્ટાભિષેકની ઉજવણી. ૭-૮. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાનશ્રી વિરલભાઈ રવજીભાઈ ગાજીપરાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા પૂ. સ્વામી. ૯. કથાના મુખ્ય યજમાન શ્રી હિતેશભાઈ ધીરુભાઈ રાજપરાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા પૂ. સ્વામી. ૧૦. પ.ભ. શ્રી કડવાબાપાને સ્મૃતિચિહ્ન અર્પણ કરતા પૂ. સ્વામી. ૧૧. યજમાન પરિવારનું સન્માન કરતા મંદિર વહિવટી સમિતિ. ૧૨. યજમાન પરિવારનું સન્માન કરતા ગ્રામજનો.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ**

## નૂતન હરિમંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ તથા કથાપારાયણ તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૯-૧-૨૦૧૯ થી<br>૪-૨-૨૦૧૯ | પોષ વદ - ૯ થી<br>પોષ વદ - ૩૦ | પંચદશાબ્દી મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ઉત્તરાજ**, તા. શિનોર, જી. વડોદરા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૨ | ૬-૨-૨૦૧૯ થી<br>૧૦-૨-૨૦૧૯ | મહા સુદ - ૨ થી<br>મહા સુદ - ૫ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | **મહાપૂજાધામ - રાજકોટ**<br>સંપર્ક :- મો. ૯૪૦૯૨૫૬૪૬૪ |
| ૩ | ૧૦-૨-૨૦૧૯ થી<br>૧૬-૨-૨૦૧૯ | મહા સુદ - ૫ થી<br>મહા સુદ - ૧૧ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **પલાણા**, તા. નડિયાદ, જી. ખેડા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૪ | ૨૦-૨-૨૦૧૯ થી<br>૨૬-૨-૨૦૧૯ | મહા વદ - ૧ થી<br>મહા વદ - ૮ | શ્રી સત્સંગિજીવન કથા<br>રત્નાકર સમારોહ | **વૃતાલયવિહારીધામ, જાફરાબાદ, ગોધરા**<br>સંપર્ક :- મો. ૯૮૯૮૦૪૭૬૬૫ |
| ૫ | ૨૮-૨-૨૦૧૯ થી<br>૬-૩-૨૦૧૯ | મહા વદ - ૧૦ થી<br>મહા વદ - ૩૦ | રજત જયંતી મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | **મુ. પીપળાવ**, તા. જી. આણંદ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૬ | ૮-૩-૨૦૧૯ થી<br>૧૪-૩-૨૦૧૯ | ફાગણ સુદ - ૨ થી<br>ફાગણ સુદ - ૮ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **મગનપુરા**, તા.માતર, જી. ખેડા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૭ | ૨૦-૩-૨૦૧૯ થી<br>૩૧-૩-૨૦૧૯ | ફાગણ સુદ - ૧૪ થી<br>ફાગણ વદ - ૧૧ | સત્સંગ શિબિર તથા<br>શ્રી સત્સંગિજીવન કથા | **પીનર-લંડન (UK)**<br>સંપર્ક :- મો. ૦૦૪૪૭૭૯૮૬૫૭૨૧૬ |
| ૮ | ૬-૪-૨૦૧૯ થી<br>૧૨-૪-૨૦૧૯ | ચૈત્ર સુદ - ૧ થી<br>ચૈત્ર સુદ - ૭ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | મુ. **વ્રજવાણી** તા. રાપર, જી. કચ્છ **(વાગડ)**<br>સંપર્ક :- મો. ૯૭૬૯૧૭૬૯૯૯, ૯૭૦૨૧૯૭૭૧૨ |
| ૯ | ૧૩-૪-૨૦૧૯ થી<br>૧૯-૪-૨૦૧૯ | ચૈત્ર સુદ - ૮ થી<br>ચૈત્ર સુદ - ૧૫ | શ્રી સ્વા. મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | **બોરિવલી, મુંબઈ**<br>સંપર્ક :- ૦૨૨ ૨૮૯૦૩૭૧૭ |
| ૧૦ | ૨૧-૪-૨૦૧૯ થી<br>૨૭-૪-૨૦૧૯ | ચૈત્ર વદ - ૨ થી<br>ચૈત્ર વદ - ૮ | રજત જયંતી મહોત્સવ<br>શ્રી સત્સંગિજીવન કથા | મુ. **ત્રાલસા**, તા. જી. ભરુચ<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮ |
| ૧૧ | ૨૮-૪-૨૦૧૯ થી<br>૪-૫-૨૦૧૯ | ચૈત્ર વદ - ૯ થી<br>ચૈત્ર વદ - ૧૫ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | **માણાવદર**<br>સંપર્ક :- મો. ૯૪૨૬૨૩૦૭૬૬ |
| ૧૨ | ૫-૫-૨૦૧૯ થી<br>૧૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧ થી<br>વૈશાખ સુદ - ૭ | શ્રીમદ્ ભાગવત<br>કથા મહોત્સવ | શ્રી સ્વામિનારાયણ મંદિરની બાજુનું મેદાન, સીમાડા-<br>યોગીચોક, **સુરત** સંપર્ક :- મો. ૯૯૧૩૦૩૮૩૪૫ |
| ૧૩ | ૧૨-૫-૨૦૧૯ થી<br>૧૬-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૮ થી<br>વૈશાખ સુદ - ૧૩ | નૂતન હરિમંદિર<br>મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ | મુ. **વેકરીયા**, તા. વિસાવદર, જી. જૂનાગઢ<br>સંપર્ક :- મો. ૯૮૨૪૪૬૭૮૦૫ |
| ૧૪ | ૧૭-૫-૨૦૧૯ થી<br>૨૧-૫-૨૦૧૯ | વૈશાખ સુદ - ૧૪ થી<br>વૈશાખ સુદ - ૩ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ | **શ્રી સ્વા. મંદિર - સરધાર**, તા. જી. રાજકોટ<br>સંપર્ક :- મો. ૯૮૭૯૭૫૮૫૦૩ |

## પૂ. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજીની આગામી કથાપારાયણો

| કથા તારીખ | કથા સ્થળ |
|---|---|
| ૬ થી ૧૩-૨-૨૦૧૯ | શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, જવાહર રોડ, **જૂનાગઢ.** સંપર્ક :- મો. ૯૪૬૨૩૦૭૬૬ |
| ૧૪ થી ૨૦-૩-૨૦૧૯ | શ્રી સ્વા. મંદિર, સીમાડા-યોગીચોક, **સુરત.** મો. ૯૦૯૯૯૯૯૬૨૧ |
| ૩૦ થી ૫-૪-૨૦૧૯ | **રાજકોટ.** મો. ૯૮૭૯૭૧૨૭૬૮ |
| ૧૩ થી ૧૯-૪-૨૦૧૯ | મુ. **રાણપુર**, તા.ભેંસાણ, જી. જૂનાગઢ. સંપર્ક :- મો. |
| ૭ થી ૯-૫-૨૦૧૯ | મુ. **કલમ**, તા. જી. ભરુચ. સંપર્ક :- મો. ૯૪૨૭૧૫૬૫૨૯ |







ચાલો એક સુંદર પુસ્તક ભેટ આપી કોઇની જિંદગી સુધારીએ...

વૈચારિક ક્રાંતિના પ્રણેતા **સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ની વાણીમાંથી વહેતી અસ્ખલિત જ્ઞાનગંગાને ડો. અર્જુન દવે દ્વારા પુસ્તક રૂપે કંડારાઈ છે તથા **વેદાંત પબ્લિકેશન** દ્વારા બૃહદ સમાજ સુધી પહોંચાડવાની નેમ છે.

આજે જ એડવાન્સ બુકિંગ કરાવો | 9726999915 | સરધાર મંદિર તથા કથાસ્થળ પર બુકિંગ કરવામાં આવે છે. | ફ્રી હોમ ડીલીવરી

**• જાહેર આમંત્રણ** ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ **પધારો ગોધરા •**

ધર્મકુળ આશ્રિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ – ગોધરા, દ્વારા આયોજીત

# શ્રી સ્વામિનારાયણ મહોત્સવ

અંતર્ગત

# શ્રીમદ્ સત્સંગિજીવન

## ✽ કથા પારાયણ ✽

**વક્તા : પૂ. સદ્ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**





પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
**શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
**શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**

**✽ 20 થી 26-2-2019 ✽**

કથા સમય : બપોરે **3:00 થી 6:00** | રાત્રે **8:00 થી 11:00**

**શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય** દ્વારા આયોજીત

**23**
ફેબ્રુઆરી
**2019**
રાત્રે **8** કલાકે

**કીર્તન સંગીત ★ લોક સાહિત્ય ★ સંતવાણી ★ હાસ્ય** તથા
ગૌરવવંતા ગુજરાતની **સામાજીક** પ્રતિભાઓનો ⑥ છઠ્ઠો...

# રત્નાકર

## •સન્માન સમારોહ•




| | | | | | |
|---|---|---|---|---|---|
| સંકીર્તનકાર<br>**શ્રી ખીમજી ભરવાડ** | સંતવાણી<br>**શ્રી હેમંત ચૌહાણ** | લોકગાયક<br>**શ્રી જીગ્નેશ કવિરાજ** | લોકસાહિત્યકાર<br>**શ્રી દેવરાજ ગઢવી** | હાસ્યકાર<br>**શ્રી મનસુખ વસોયા** | અભિનય<br>**શ્રી નરેશ કનોડીયા** |
| લેખક<br>**શ્રી કૌશિક મહેતા** | કવિ<br>**શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ** | સંગીતકાર<br>**શ્રી ગૌરાંગ વ્યાસ** | સાહિત્યકાર<br>**શ્રી ભરતદાન ગઢવી** | તબલાવાદક<br>**શ્રી જીતુભાઇ સોની** | બેન્જોવાદક<br>**શ્રી ધીરજસિંહ અબડા** |
| મંજીરાવાદક<br>**શ્રી ભવાનીશંકર રાજ્યગુરુ** | સંસ્કૃત વિદ્વાન<br>**શ્રી કમલેશ ચોક્સી** | સાહિત્ય લેખક<br>**ડો. શ્રી જે. એન. શાસ્ત્રી** | સમાજસેવા<br>**શ્રી અન્નપૂર્ણા ટ્રસ્ટ**(ગોધરા) | સમાજસેવા<br>**શ્રી સદ્વિચાર પરિવાર**(ગોધરા) | |
| સમાજ શ્રેષ્ઠી<br>**શ્રી અતુલ ઠક્કર** | ઉદ્યોગ શ્રેષ્ઠી<br>**શ્રી કનૈયાલાલ હેમરાજાણી**<br>જય જલારામ બ્રિક્સ વર્ક | ઉદ્યોગ શ્રેષ્ઠી<br>**શ્રી ચંદ્રકાન્ત ભંડારી**<br>વસંત મસાલા | ઉદ્યોગ શ્રેષ્ઠી<br>**શ્રી શાંતિભાઈ પટેલ**<br>બિલ્ડર્સ | ઉદ્યોગ શ્રેષ્ઠી<br>**શ્રી મનોજભાઈ પટેલ** | ધનવંતરી<br>**ડો. શ્રી કે.વી. પંચાલ**<br>M.S. General Surgery |
| શિક્ષણ શ્રેષ્ઠી<br>**શ્રી શરદકુમાર શાહ** | કાવ્ય સંગીત<br>**શ્રી રિષભ મહેતા** | સ્વર સાધના<br>**શ્રી સુભાષ રાય**<br>શાસ્ત્રીય ગાયક | સ્વર સાધના<br>**શ્રી કપિલ ત્રિવેદી**<br>શાસ્ત્રીય ગાયક | સુગમ સંગીત<br>**શ્રી કેતન ખંભોળજા** | વિશિષ્ટ સન્માન<br>**શ્રી શંભુ શાસ્ત્રી** |

**કાર્યક્રમ સંચાલન : હરદેવ આહિર (લોકસાહિત્યકાર) • લાઈવ પ્રસારણ ▸**

हमारा लक्ष्य
विश्व का कल्याण हो...
www.lakshya.tv

## સ્થળ : 'વૃતાલયવિહારમ્' જાફરાબાદ, ગોધરા







## શ્રીમદ્ ભાગવત કથા રાજકોટ








**રાજકોટ** શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી તથા પ.પૂ. ૧૦૮ **શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં **શ્રી ક્રાંતિ માનવ સેવા ટ્રસ્ટ** આયોજીત નવનિર્માણ હોસ્પિટલના લાભાર્થે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ ભાગવત કથાપારાયણ'** (તા. ૩૦ થી ૫-૧-૨૦૧૯) વિશેષ અહેવાલ અંદરના પેજ નં. ૩૧





## દશાબ્દી મહોત્સવ ચણાકા





જૂનાગઢ પ્રદેશના **ચણાકા** (તા. ભેંસાણ)ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી તથા પ.પૂ. ૧૦૮ **શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ **શ્રી સ્વામિનારાયણ હરિમંદિર**નો **'દશાબ્દી મહોત્સવ'** તથા **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૬ થી ૧૨-૧-૨૦૧૯)
વિશેષ અહેવાલ અંદરના પેજ નં. ૩૨




**સરદારપુર** (તા. ભેંસાણ) ખાતે પ.પૂ. ૧૦૮ **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાન્નિધ્યમાં તથા **પૂ. શ્રી મોરારીબાપુ**ના તેમજ સંતો-મહંતો તેમજ લોકસાહિત્ય જગતના સન્માનનીય કલા આરાધકોની ઉપસ્થિતિમાં યોજાયેલ સૂર-શબ્દના સાધક, આજીવન અલખના આરાધક અને આંતરશક્તિના ઉપાસક **હૃદસ્થ શ્રી રાવતબાપા ભગત** અનુભૂતિથી ભીંજાયેલી ભાવ વાણી એટલી એમની શબદ સરવાણી **'મીઠી વેદના'** નવમુદ્રિત **'ગ્રંથ લોકાર્પણ-ભાવવંદના'** (તા. ૧૩-૧-૨૦૧૯)


૧. સભામંચમાં બિરાજમાન પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. શ્રી મોરારીબાપુ તેમજ સંતો-મહંતો અને રાજકીય મહાનુભાવશ્રીઓ. ૨-૩. પ.પૂ. લાલજી મહારાજશ્રીને આવકારતા તથા સંગોષ્ઠી કરતા પૂ. શ્રી મોરારીબાપુ. ૪. મીઠી વેદના ગ્રંથનું લોકાર્પણ (વિમોચન) કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. મોરારીબાપુ. ૫-૬. શ્રી રાવતબાપાની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે ભાવવંદના કરતા કલા આરાધકો તથા લાભ લેતા જનસમુદાય. ૭. સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૮. પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. મોરારીબાપુ સાથે લોક-હાસ્ય સાહિત્ય કલાના ઉપાસકો - નિરંજન પંડ્યા, માયાભાઈ આહીર, મેરામણ ગઢવી, અનુભા ગઢવી, જીતુદાદ ગઢવી, જગદીશ ત્રિવેદી, ધીરુભાઈ સરવૈયા, સાંઈરામ દવે, હેમંત ચૌહાણ, બિહારીદાન ગઢવી, નારણ ઠાકર, જયમંત દવે વગેરે. ૯-૧૦. પ.પૂ. લાલજી મહારાજશ્રીનું પૂજન-અર્ચન કરતા શ્રી રાવતબાપાના પૌત્ર હરદેવ આહીર (લોકસાહિત્યકાર)




















**'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ'**ના ઉપલક્ષમાં **અમેરીકા**ની ધરતી પર પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી સૌપ્રથમવાર
પ. પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શ્રીમુખે યોજાયેલ **'શ્રી વચનામૃત કથા પારાયણો'** (તા. ૧૪ થી ૩૧-૧૨-૨૦૧૯)
૧-૨-૩. ટોરોન્ટો-કેનેડામાં હિન્દુ મંદિર ખાતે વચનામૃતનું રસપાન કરાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪-૫-૬. કેન્ટન(મીશીગન). ૭-૮-૯. વ્હીલીંગ-શિકાગો શ્રી સ્વામિનારાયણ મંદિર





તીર્થધામ **જગન્નાથપુરી**ને આંગણે પ.પૂ. ધ.ધુ. **આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદથી પ.પૂ. **લાલજી મહારાજશ્રી**ના દિવ્ય સાંનિધ્યમાં
**શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર**ના શ્રીસુવ્રતમુનિ સભામંડપ ખાતે **મલાડ-મુંબઈ શ્રી સ્વામિનારાયણ સત્સંગ મહિલા મંડળ**ના
દ્વારા પૂ. **સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજી**ના વક્તાપદે યોજાયેલ **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૬ થી ૧૨-૧-૨૦૧૯)

Swaminarayan Chintan, January-2019, RNI No. GUJGUJ-2013/47868, Postal Registration No. Rajkot/624/2019-21 Valid Up To 31/12/2021
Posted At Rajkot RMS On 20th of Every Month, W.p.p. No. G-PMG-RJT/018/2019, Valid Up To 31/12/2021

હ્યુસ્ટન (TX-USA)










ન્યુજર્સી (USA)










સ્ક્રેન્ટન (PA-USA)










વર્જીનીયા (USA)







**'શ્રી વચનામૃત દ્વિશતાબ્દી વર્ષ'**ના ઉપલક્ષમાં **અમેરીકા**ની ધરતી પર **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી સૌપ્રથમવાર પ. પૂ. ૧૦૮ **શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના શ્રીમુખે યોજાયેલ **'શ્રી વચનામૃત કથા પારાયણો'** તથા **વર્જીનીયા શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર**નો **'વાર્ષિક પાટોત્સવ'**

૧-૨-૩. હ્યુસ્ટન શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર ખાતે વચનામૃતનું રસપાન કરાવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૪-૫-૬. ન્યુજર્સી શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર. ૭-૮-૯. સ્ક્રેન્ટન શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર. ૧૦-૧૧. શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર-વર્જીનીયામાં બિરાજમાન ઠાકોરજીના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે અભિષેક કરતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. (તા. ૧૪ થી ૩૧-૧૨-૨૦૧૯)

Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007